RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 09-07-2026 I VOL : 12 I Issue : 114 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

મુશ્કેલ સમય પણ પસાર થઈ જાય છે. પ્રેમ અને સન્માન કમાવવા પડે છે.

3




ગુજરાત પોલીસ દળમાં નવ નિયુક્ત 449 બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને મુખ્યમંત્રીના...

4



વિકસિત ગુજરાત 2047 વિરૂદ્ધ જળબંબોળ 2026: ભવિષ્યના ગુલાબી સપના વહેંચતી...

6



4 મહિનાની પ્રેગ્નેન્સી દરમિયાન દીપિકાએ કર્યો એનર્જેટિક ડાન્સ

7



ભારતની ટી-20માં સૌથી મોટી હાર, ટીમે પોતાનો બીજો સૌથી ઓછો સ્કોર પણ બનાવ્યો

### એક નજર...

**ઓફ શોલ્ડર બોડીકોન ગાઉનમાં ગ્લેમરસ લાગી હુમા કુરેશી**



હવે લેટેસ્ટ ફોટોશૂટમાં અભિનેત્રીનો ગ્લેમરસ લુક કેમેરામાં કેદ થયો છે. આ તસવીરોમાં તે સ્ટાઈલિશ લુકમાં આકર્ષક લાગી રહી છે. તમને જણાવી દઈએ કે હુમાએ અનુરાગ કશ્યપની ફિલ્મ 'ગેંગ્સ ઓફ વાસેપુર'થી બોલિવૂડની દુનિયામાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મથી તેને ઓળખ પણ મળી હતી.

### ટ્રમ્પના નિવેદન બાદ ભારતીય શેરબજારમાં કડાકો

# રોકાણકારોના અધધ... ₹9 લાખ કરોડ ધોવાયા

મુંબઇ

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થવાની જાહેરાત બાદ બુધવારે સેન્સેક્સ 20 મિનિટમાં 1000 પોઈન્ટ ગગડી ગયો. દિવસ દરમિયાન માર્કેટની મૂવમેન્ટ સવારે સેન્સેક્સ 364 પોઈન્ટ ઘટીને 77816 પર ખુલ્યો હતો. બપોરે 1 વાગ્યે ને 40 મિનિટે તે 580 પોઈન્ટ ઘટીને 77,600 પર આવી ગયો. 2 વાગ્યા સુધીમાં ઘટાડો વધુ વધ્યો અને તે 76,600ની નજીક આવી ગયો. 3 વાગ્યાની આસપાસ તે 76,259ના દિવસના નીચલા સ્તરે આવી ગયો. 03:30 વાગ્યે તે 1677 પોઈન્ટ અથવા 2.15% ઘટીને 76,504 પર બંધ થયો. નિફ્ટી 516 પોઈન્ટ અથવા 2.12% ઘટીને 23,882 પર બંધ થયો. ક્રૂડ ઓઈલ 6% વધીને 75 ડોલરની નજીક પહોંચ્યું બીજી તરફ, યુદ્ધવિરામ સમાપ્ત થતાં ક્રૂડ ઓઈલના ભાવ પણ 6% વધીને ફરીથી 75 ડોલરની નજીક પહોંચી ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ



ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથે થયેલો કરાર હવે સમાપ્ત થઈ ગયો છે. અમે ગઈ રાત્રે ઈરાન પર ખૂબ જ શક્તિશાળી હુમલો કર્યો. અમેરિકા-ઈરાન તણાવ વધવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં 6% નો વધારો થયો. આનાથી રોકાણકારોને મોંઘવારી અને કંપનીઓના ખર્ચ વધવાનો ડર છે, તેથી બજારમાં વેચવાલી આવી છે.

## પુણેમાં ઈમારત પર કચરાનો પહાડ ધસી પડ્યો, 16 લોકો દટાયા

પુણે

મહારાષ્ટ્રના પુણેમાં ભારે વરસાદને કારણે બુધવારે કચરાનો એક મોટો પહાડ ત્રણ માળની ઈમારત પર ધસી પડ્યો, જેનાથી તે ઈમારત ધરાશાયી થઈ ગઈ. આશંકા છે કે કાટમાળ નીચે 16 લોકો દબાયેલા છે. બચાવ કામગીરી ચાલી રહી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ (PTI) એ અહેવાલ આપ્યો છે કે પુણેના પિંપરી-ચિંચવડ વિસ્તારમાં કચરાનો પહાડ નજીકની વેસ્ટ મેનેજમેન્ટની ઈમારત પર પડ્યો હતો. સુરતમાં 36 કલાકમાં 11 થી 19 ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાથે જ જુલાઈ 1941માં નોંધાયેલા 18 ઈંચ વરસાદનો 85 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યોછે. સૌથી વધુ 19 ઈંચ વરસાદ સરથાણામાં નોંધાયો હતો, ત્યારબાદ વરાછામાં 18.16 ઈંચ વરસાદ પડ્યો હતો. શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી; એક શોપિંગ મોલનો એક માળ પાણીમાં ડૂબી ગયો હતો અને રસ્તાઓ પર કારો તણાતી જોવા મળી હતી. પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી લગભગ 2100 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. સુરત અને નવસારીમાં શાળા, કોલેજ અને આંગણવાડી બંધ રાખવામાં આવ્યા છે. લોકોને અત્યંત જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવા અપીલ કરવામાં આવી છે.

### હંમેશા ભગવાન શિવ સાથે જોડાવાનું સૌભાગ્ય મળ્યું

# મોદી ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનન ગયા

જકાર્તા

પીએમ મોદીના ઈન્ડોનેશિયા પ્રવાસનો આજે ત્રીજો અને છેલ્લો દિવસ છે. પીએમ આજે ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનન ગયા હતા. આ મંદિર એક હજાર વર્ષ જૂનું છે. વડાપ્રધાને મંદિરના જીર્ણોદ્ધાર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનનમાં તેમણે આરતી કરી અને આશીર્વાદ લીધા હતા. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો પણ વડાપ્રધાન સાથે પ્રમ્બાનન મંદિર હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર રાષ્ટ્રપતિ સુબિયાંતો સાથેની તસવીર શેર કરી હતી. વડાપ્રધાન આજે સાંજે ઈન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયાના મેલબર્ન જવા રવાના થશે. તેમનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ 8 થી 10 જુલાઈ સુધીનો છે. તેમણે મંદિરનો એક વીડિયો પણ શેર કર્યો જેમાં આકાશમાંથી



મંદિરનો નજારો દેખાય છે. પીએમએ મંગળવારે ઈન્ડોનેશિયા પ્રવાસ દરમિયાન ડિફેન્સ ડીલની જાહેરાત કરી હતી. બંને દેશો વચ્ચે પહેલીવાર લગભગ સાડા પાંચ હજાર કરોડ રૂપિયાનો મહત્વનો રક્ષા કરાર થયો છે. ઈન્ડોનેશિયા ભારત પાસેથી બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલો ખરીદશે. ભારત મલક્કાની ખાડીમાં મહત્વપૂર્ણ સાબાંગ પોર્ટનો વિકાસ કરશે.

### NEWS TRACK

#### 'આ લોકો બીમાર છે, મારે કોઈ ડીલ નથી કરવી...', ઈરાન પર ભડક્યા ટ્રમ્પ, દુનિયાના ધબકારા વધ્યાં

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને લઈને ભડકાઉ નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેઓ ઈરાન સાથે કોઈ પણ પ્રકારની નવી ડીલ કરવા માંગતા નથી અને તેમના મતે ઈરાન સાથે સમજૂતીનો દોર હવે પૂરો થઈ ચૂક્યો છે. તુર્કીના અંકારામાં ચાલી રહેલી NATO સમિટ દરમિયાન મીડિયા સાથે વાત કરતાં ટ્રમ્પે ઈરાની લોકો વિશે કહ્યું, 'તેઓ બીમાર લોકો છે. હું તેમની સાથે કોઈ ડીલ કરવા માંગતો નથી. મને લાગે છે કે ઈરાન સાથે સમજૂતીનો દોર હવે ખતમ થઈ ચૂક્યો છે.' ઈરાન ઉપરાંત NATO, ગ્રીનલેન્ડ અને સ્પેનને પણ લપેટમાં લીધા ટ્રમ્પે ઈરાન ઉપરાંત નાટો, ગ્રીનલેન્ડ અને સ્પેનને લઈને પણ તીખી ટિપ્પણીઓ કરી છે. તેમણે કહ્યું કે ઈરાન સાથે કોઈ નવી સમજૂતીની તેમની કોઈ ઈચ્છા નથી અને તેમના મતે આ મુદ્દો હવે ખતમ થઈ ચૂક્યો છે. અમેરિકા-ઈરાન વચ્ચે લાંબા સમયથી તણાવ, પરમાણુ કાર્યક્રમ મુદ્દે મતભેદ યથાવત્ટ્ર મ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે.

#### ચીનમાં ભૂસ્ખલન થતાં 21 લોકોના દર્દનાક મોત, પૂર વચ્ચે રહેણાક વિસ્તારમાં 800થી વધુ સાપ ઘૂસ્યા

કુદરતી આફતોનો સામનો કરી રહેલા ચીનમાંથી હાલમાં ડરાવી દે તેવા બે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એક તરફ ઉત્તર-પશ્ચિમ ચીનમાં થયેલા ભીષણ ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને 21 પર પહોંચી ગયો છે, તો બીજી તરફ ગુઆંગ્શી વિસ્તારમાં પૂરના પાણી સાથે સેંકડો ખતરનાક સાપ રહેણાંક વિસ્તારોમાં ઘૂસી આવ્યા છે, જેના કારણે લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તમને જણાવી દઈએ કે, ચીનમાં ટાયફૂન 'માયસેક'ના કારણે ગુઆંગ્શી વિસ્તારમાં આવેલું પૂર હવે એક નવો અને અનોખો ખતરો લઈને આવ્યું છે. એક સ્થાનિક સમાચાર એજન્સીના જણાવ્યા પ્રમાણે હેંગઝોઉના એક ગામમાં પૂરના પાણી ઘૂસી જતાં એક સ્નેક ફાર્મ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયું છે. આ દુર્ઘટનાના કારણે ફાર્મમાંથી 800થી વધુ સાપ પાણીમાં તણાઈ ગયા હતા અને આસપાસના ગામોમાં ફેલાઈ ગયા છે. આવી સ્થિતિમાં હવે વહીવટીતંત્ર પૂરની સાથે-સાથે આ સાપના ખતરાથી નિપટવાના બેવડા પડકારનો સામનો કરી રહ્યું છે.

# યેયુરની ટેકરીઓમાં ચાલતા હાઈપ્રોફાઈલ પાપનો વિસ્ફોટક પર્દાફાશ

## રાજા ઠાકુરની દાદાગીરી સામે કમિશનરેટ લાચાર, વર્તક નગર પીઆઈ માનેની નાક નીચે નોટોથી ભરેલી બેગોની હેરફેર; 'પાક્કો ગુજરાત'નો સૌથી મોટો ખુલાસો

ઠાણે

મુંબઈને અડીને આવેલા અને સ્માર્ટ સિટીના બણગાં ફૂંકતા ઠાણે શહેરમાં કાયદો અને વ્યવસ્થાના ચરેચરા ઉડી ગયા છે. મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટ સત્ર લાઈવ ચાલી રહ્યું છે અને ગૃહની અંદર સુરક્ષાની મોટી-મોટી વાતો થઈ રહી છે, ત્યારે ગૃહના ચોગાનથી માત્ર થોડા જ કિલોમીટર દૂર વર્તક નગર પોલીસ સ્ટેશનની હદમાં દેશનું સૌથી મોટું આંતરરાજ્ય જુગાર સિન્ડિકેટ ધમધમી રહ્યું છે. અંદરના સૂત્રો પાસેથી મળેલી વિસ્ફોટક માહિતી મુજબ, ઉપવન પટસરની બરાબર પાછળ અને યેયુર ચેક પોસ્ટની નજીક આવેલો એક આલીશાન બંગલો, જે ઉપ મુખ્યમંત્રી એકનાથ શિંદેનો 'સેફ સ્પોટ' હોવાનું ચર્ચાય છે, તેને આંતરરાજ્ય 'મિનિ કેસિનો'માં ફેરવી દેવાયો છે. મુખ્યમંત્રીના સ્પોટના નામે અહીં પોલીસ તંત્ર ઘૂંટણિયે પડી ગયું છે અને કોઈ રેડ પાડવાની હિંમત પણ કરતું નથી.

### ચાર્ટર્ડ ગાડીઓમાં આવતા વીઆઈપી જુગારીઓ: અબજો રૂપિયાનું આંધણ

આ કોઈ સામાન્ય ગલી-કૂંચીનો જુગારનો અડ્ડો નથી, પરંતુ કોર્પોરેટ શૈલીમાં ચાલતું ઈન્ટર-સ્ટેટ સટ્ટા સિન્ડિકેટ છે, જ્યાં રોજ અબજો રૂપિયા ઉડી રહ્યા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પાસે ઉપલબ્ધ પુખ્તા પુરાવા મુજબ, આ અડ્ડા પર દાવ લગાવવા માટે ગુજરાતના હીરા બજારના મોટા વેપારીઓ, રાજસ્થાનના ખુંખાર સટ્ટાબાજો, હરિયાણાના ભૂ-માફિયાઓ સહિત મુંબઈ, નાસિક અને જલગાંવના વગદાર સફેદપોશ ગુનેગારો રાતના અંધારામાં લક્ઝુરિયસ ગાડીઓ લઈને આવે છે. નવાઈની વાત એ છે કે જ્યારે આ વીઆઈપી જુગારીઓની ગાડીઓ યેયુર ચેક પોસ્ટ પસાર કરે છે, ત્યારે વર્તક નગર પોલીસની પેટ્રોલિંગ ગાડીઓ અવારનવાર પોતાનો રસ્તો બદલી નાખે છે.

### કાળા સામ્રાજ્યના કિંગપિન અને દેશવિરોધી ષડયંત્રનો પર્દાફાશ

આ સમગ્ર ગેરકાયદે સામ્રાજ્યનું માળખું અત્યંત શાતિર અને ખતરનાક રીતે વણાયેલું છે. રાજા ઠાકુર અને જીતુ જલગાંવ આ કાળા ધંધાના અસલી 'કિંગપિન' અને ફાઈનાન્સર છે. જ્યારે મંગેશ ભોંસલે અને શેખર વડાલા આ અડ્ડા પર બાઉન્સર્સની તૈનાતી અને સુરક્ષા સંભાળે છે. આ ક્લબનો મુખ્ય વ્યૂહરચનાકાર અને 'કેશિયર' ગોપાલ શર્મા છે, જેનું કામ પોલીસ અને વહીવટીતંત્રના મોટા સાહેબો સુધી દર મહિને કરોડો રૂપિયાના હપ્તા પહોંચાડવાનું છે. આ રેકેટનો મુખ્ય સૂત્રધાર 'રાજા ઠાકુર' પોતાને નાયબ મુખ્યમંત્રી સ્તરના નેતાઓનો 'રાઈટ હેન્ડ' ગણાવીને પોલીસને આંગળીના ટેરવે નચાવે છે.

પરંતુ, આ મામલાનો સૌથી ભયાનક અંશ એ છે કે આ કેસિનો માત્ર જુગાર પૂરતો સીમિત નથી, પણ તે દેશની આંતરિક સુરક્ષા સામે મોટો ખતરો બની ગયો છે. સૂત્રોના સનસનાટીપૂર્ણ દાવા મુજબ, આ જુગારના અડ્ડામાંથી થતી કાળી કમાણીનો એક બહુ મોટો હિસ્સો મેનેજર રફા અને ભૂરિયાના માધ્યમથી આસપાસના આદિવાસી વિસ્તારોમાં ગેરકાયદે ધર્મ પરિવર્તન (Religious Conversion) અને 'લવ જેહાદ'ના નેટવર્કને ફંડ કરવા માટે વાપરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં, રફા અને ભૂરિયાના તાર આંતકવાદી સંગઠનો સાથે પણ જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. જુગારના આ ગંદા પૈસાનો ઉપયોગ દેશના સામાજિક માળખાને તોડવા અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે થઈ રહ્યો છે.

### ખાખી પર કાળો ડાઘ: સીએમઓ અને કમિશનરની ચુપકીદી સામે સવાલો

વર્તક નગર પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઈ માનેની નાક નીચે આ ખેલ ચાલી રહ્યો છે અને થાણામાં રોજ નોટોથી ભરેલી બેગ પહોંચાડવામાં આવી રહી હોવાના આક્ષેપો છે. ઠાણે પોલીસ કમિશનરથી લઈને ડીસીપી સ્તર સુધીના અધિકારીઓને લેખિત ફરિયાદો કરવા છતાં સિસ્ટમ મૌન છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO) ને આ અડ્ડાની ગુપ્ત માહિતી મળી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કેમ ન થઈ? શું સત્તાના ગલિયારા સુધી આ જુગાર અને આતંકી ફંડિંગના પૈસાની ભાગીદારી પહોંચી રહી છે?

**'પાક્કો ગુજરાત ન્યૂઝ' ઠાણે પોલીસ કમિશનરને સીધો સવાલ પૂછે છે કે તમારી વર્દીની આબરૂ ક્યાં છે? પોતાની હદમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ ચલાવવા દેનાર સિનિયર પીઆઈ માનેને તાત્કાલિક સસ્પેન્ડ કરીને તેમની અપ્રમાણસર મિલકતોની તપાસ એન્ટી-કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કેમ કરવામાં આવતી નથી? અમારો સંકલ્પ છે કે જ્યાં સુધી યેયુરની ટેકરીઓને કલંકિત કરનારો આ કેસિનો સીલ નહીં થાય અને રફા, ભૂરિયા તથા રાજા ઠાકુર જેવા મગરમચ્છો જેલ ભેગા નહીં થાય, ત્યાં સુધી અમારું આ જનજાગૃતિ અભિયાન ચાલુ રહેશે.**




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## રાજકોટમાં ભાજપ નેતાની દાદાગીરી: 'અમે તારા બાપ છીએ, દાદા પણ છીએ!' ડ્રેનેજ સફાઈ કરતા મહાનગરપાલિકાના કર્મચારીને જાહેરમાં ધમકાવતો લાઈવ વીડિયો વાયરલ!

રાજકોટ

સત્તાના નશામાં અંધ બનેલા નેતાઓ જનતાના સેવક મટીને ક્યારે 'ડોન' બની જાય છે, તેનો જીવતો-જાગતો પુરાવો રાજકોટમાં જોવા મળ્યો છે. સ્માર્ટ સિટી રાજકોટના સ્માર્ટ નેતાઓની અસલી આડોડાઈ અને ગુંડાગીરી કેમેરામાં કેદ થઈગઈછે. રાજકોટ મહાનગરપાલિકાના એક સામાન્ય સફાઈ કર્મચારીને જિલ્લા ભાજપના એક કહેવાતા મોટા માથાઓએ જાહેરમાં એવી ધમકી આપી કે સાંભળનારના રૂંવાડા ઊભા થઈ જાય! આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ રાજકારણ ગરમાયું છે અને 'પાક્કો ગુજરાત' આ સત્તાધીશોની જોહુકમીનો પર્દાફાશ કરી રહ્યું છે.

રાજકોટના વોર્ડ નંબર 13 અને 8 ની બોર્ડર પર આવેલા માણી ચોક પાસે મહાનગરપાલિકા (RMC) ના કર્મચારીઓ ડ્રેનેજ લાઇન સફાઈની કામગીરી કરી રહ્યા હતા. ચોમાસાની સીઝનમાં લાઈનો બ્લોક ન થાય તે માટે આ કર્મચારીઓ જીવના જોખમે ગંદકી સાફ કરી રહ્યા હતા. બરાબર એ જ સમયે ત્યાં જિલ્લા ભાજપના એક મોટા ગજાના આગેવાન આવી પહોંચે છે. કોઈ બાબતે બોલાચાલી થાય છે અને પછી જે દ્રશ્યો સર્જાયા તે લોકશાહીને કલંકિત કરનારા હતા. વાયરલ વીડિયોમાં ભાજપના આ આગેવાન સફાઈ કર્મચારી પર સિંહની જેમ ત્રાડ પાડી રહ્યા છે. કોઈ પણ જાતના ડર વગર તે કર્મચારીને ધમકાવતા કહે છે: 'તું મને ઓળખે છે? અમે તારા બાપ છીએ! અને યાદ રાખજે, અમે તારા દાદા પણ છીએ!'

એક સરકારી કર્મચારી, જે પોતાની ફરજ બજાવી રહ્યો છે, તેને જાહેરમાં આ રીતે અપમાનિત કરવામાં આવ્યો. નેતાજીનો અહંકાર એટલો સાતમા આસમાને હતો કે તેમને આજુબાજુ ઊભેલી જનતા કે કેમેરાની પણ કોઈ પરવા નહોતી.

## દાહોદમાં ખાખીની ખુલ્લી દાદાગીરી: કાયદો સમજાવવા ગયેલા અમદાવાદના એડવોકેટ અભી રાજપુત સાથે P.I. એસ. વારુનું શરમજનક વર્તન

દાહોદ

કાયદાના રક્ષક જ જ્યારે ભક્ષક બની જાય ત્યારે સામાન્ય જનતા ન્યાય માટે ક્યાં જાય? આવી જ એક ખાખીને કલંકિત કરતી અને પાવરના નશામાં ચૂર પોલીસ અધિકારીની જોહુકમીની ચોંકાવનારી ઘટના દાહોદ પોલીસ સ્ટેશનથી સામે આવી છે. જ્યાં કાયદો સમજાવવા ગયેલા અમદાવાદના પ્રતિષ્ઠિત એડવોકેટ અભી રાજપુત સાથે દાહોદના પી.આઈ. એસ. વારુ દ્વારા અત્યંત ઉદ્ધતાઈભર્યું અને શરમજનક વર્તન કરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે. ઘટનાની વિગત એવી છે કે, ગત તારીખ ૭ જુલાઈ ૨૦૨૬ના રોજ અમદાવાદના એડવોકેટ અભી રાજપુત પોતાના અસીલની જમીન સંબંધી એક અરજીના કામે દાહોદ પોલીસ સ્ટેશન ખાતે ગયા હતા. જ્યાં હાજર પોલીસ કર્મચારીઓ દ્વારા કાયદાકીય બાબતોને નેવે મૂકીને યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો ન હતો. એક જાગૃત અને કાયદાના રક્ષક એવા વકીલ તરીકે એડવોકેટ અભી રાજપુતે પોલીસ કર્મચારીઓને કાયદાનું ભાન કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. બસ, આટલી જ વાતમાં કાયદાના પાઠ ભણાવતા વકીલ સાહેબની વાત સાંભળીને દાહોદ પી.આઈ. એસ. વારુનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. વર્દીના નશામાં અંધ બનેલા પી.આઈ. એસ. વારુએ તમામ મર્યાદાઓ ઓળંગીને એડવોકેટ અભી રાજપુતને ગરદનના ભાગેથી પકડી લીધા હતા અને ઘસડીને લઈ ગયા હતા.

એટલું જ નહીં, વકીલ સાહેબ કંઈપણ પુરાવા ન લઈ શકે તે માટે તેમનો મોબાઈલ ફોન પણ બળજબરીપૂર્વક ખેંચી લેવામાં આવ્યો હતો. આટલાથી પણ પી.આઈ.નો અહંકાર ન સંતોષાતા તેમણે જાહેરમાં વકીલને ધમકાવતા કહ્યું હતું કે, માપમાં રહેજો, આ તમારું અમદાવાદ નથી, ખોટા ગુનામાં અંદર ફિટ કરી દઈશ.

## રાજકોટમાં કોંગ્રેસ પ્રભારી મૂકુલ વાસનિકના ભાજપ સરકાર પર આકરા પ્રહારો : "રામમંદિરમાં થયેલી લૂંટની નૈતિક જવાબદારી PM મોદીએ લેવી જોઈએ"

રાજકોટ

ગુજરાતમાં કાયદો-વ્યવસ્થા અને ખેડૂતોની દુર્દશા મુદ્દે કોંગ્રેસે ભાજપ સરકાર સામે મોરચો ખોલી દીધો છે. રાજકોટની મુલાકાતે આવેલા ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે પત્રકાર પરિષદમાં સત્તારૂઢ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે અયોધ્યા રામમંદિરમાં થયેલી ચોરી અને રાજ્યના ખેડૂતોની આત્મહત્યાના મામલે સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્ય સરકારને કઠેડામાં ઉભા કર્યા છે. વાસનિકે સનસનાટીપૂર્ણ આક્ષેપ કરતા કહ્યું કે, જે રામમંદિરના નિર્માણનો શ્રેય લેવા માટે વડાપ્રધાન અને ભાજપના નેતાઓ આગળ રહેતા હતા, તે જ પવિત્ર રામમંદિરમાં જ્યારે લૂંટ-ચોરીની ઘટના બને છે, ત્યારે તેની નૈતિક જવાબદારી પણ પીએમ મોદીએ પોતે લેવી જોઈએ. ભાજપ માત્ર ધર્મના નામે રાજનીતિ કરે છે પરંતુ ભગવાનના ઘરની સુરક્ષા કરવામાં પણ નિષ્ફળ સાબિત થઈ છે. રામમંદિરના મુદ્દા ઉપરાંત તેમણે ગુજરાતના ખેડૂતોની ગંભીર સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. વાસનિકે આક્રોશપૂર્વક જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપ સરકારના શાસનમાં ખેડૂતોની હાલત દયનીય બની ગઈ છે. જગતના તાતને પોતાના પાકના પૂરતા ભાવ મળી રહ્યા નથી, જેના કારણે ખેડૂતો આર્થિક તંગીમાં આવીને આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે. સરકાર ઉદ્યોગપતિઓના દેવા માફ કરે છે પરંતુ ખેડૂતોને તેમના હક્કના ભાવો આપવામાં પણ ઠાગાઠૈયા કરી રહી છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારીના આ આકરા પ્રહારોથી રાજકારણ ગરમાયું છે. આગામી સમયમાં કોંગ્રેસ આ મુદ્દાઓને જનતા વચ્ચે લઈ જઈને સરકાર સામે ઉગ્ર આંદોલન છેડશે તેવા સંકેતો પણ આ બેઠક દરમિયાન મળ્યા છે.

## નવસારીમાં લોકાર્પણ પહેલા જ 4 કરોડના ખર્ચે બનેલા સિન્થેટિક ટ્રેકમાંથી પોપડા ઉખડ્યા!

નવસારી

નવસારીમાંથી વિકાસના નામે વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં કરોડો રૂપિયાના ખર્ચે રમતવીરો માટે તૈયાર કરવામાં આવેલા આધુનિક સિન્થેટિક ટ્રેકના લોકાર્પણ પહેલા જ ધજાગરા ઉડી ગયા છે. હજુ તો આ ટ્રેકનું સત્તાવાર ઉદ્ઘાટન પણ નથી થયું, ત્યાં જ તેમાંથી પોપડા ઉખડવા લાગ્યા છે, જેને પગલે સમગ્ર પંથકમાં ભ્રષ્ટાચારની બૂ ઉઠી છે. નવસારીમાં રમત-ગમતને પ્રોત્સાહન આપવાના બહાને અંદાજે ૪ કરોડ રૂપિયાના માતબર ખર્ચે આ સિન્થેટિક ટ્રેકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક ખેલાડીઓ આશા રાખીને બેઠા હતા કે તેમને દોડવા માટે એક આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધા મળશે. પરંતુ, કોન્ટ્રાક્ટરે લોટ, પાણીને લાકડા જેવી નબળી ગુણવત્તાનું કામ કરીને કરોડો રૂપિયાનું આંધણ કરી નાખ્યું છે. ટ્રેકની સપાટી પરથી અત્યારથી જ મોટા-મોટા પોપડા ઉખડીને અલગ થઈ રહ્યા છે, જે કામગીરીની પોલ ખોલવા માટે પૂરતા છે. આ ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, 'આને વિકાસ કહેવાય કે ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા?' સરકારી બાબુઓની રહેમનજર હેઠળ કોન્ટ્રાક્ટરો કેવી રીતે જનતાના પરસેવાના પૈસા લૂંટી રહ્યા છે, તેનું આ જીવતું જાગતું ઉદાહરણ છે. પહેલી જ નજરે નબળી ગુણવત્તાનું સાબિત થયેલું આ કામ જોયા બાદ હવે સ્થાનિકો અને રમતવીરો માંગ કરી રહ્યા છે કે આ સમગ્ર કૌભાંડની ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ.

### સીએમ-ડેપ્યુટી સીએમની સત્તાને ટલ્લે ચડાવતું મોટું સિન્ડિકેટ

# કરજણ બોર્ડર પર કાયદાનું ચીરહરણ: જેલની હવા ખાઈ આવેલો કલંકિત કોન્સ્ટેબલ 'હનુ કામડિયા' બન્યો કરજણનો નવો આકા!




**પીઆઈ પટેલનું અભયવચન અને એલસીબીની મલાઈદાર ચુપકીદી: કુરાલીથી કરમડી સુધી મોતનો સામાન વેચતી ખાખી વર્દી! શું એસપી અગ્રવાલ ભ્રષ્ટાચારના આ ગઢ પર બુલડોઝર ફેરવશે કે જનતા લઠ્ઠાકાંડમાં હોમાશે? 'પાક્કો ગુજરાત'નો આરપારનો સવાલ**

વડોદરા / કરજણ

ગુજરાત સરકાર ગાંધીનગરથી 'ઝીરો ટોલરન્સ' અને 'ક્લીન ગવર્નન્સ'ની ગમે તેટલી ગુલબાંગો પોકારે, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આ તમામ દાવાઓની સ્મશાનયાત્રા નીકળી ચૂકી છે. કરજણ પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ બચ્યું જ નથી, કારણ કે અહીં અસલી શાસન કાયદાનું નહીં પરંતુ ખાખી વર્દીની આડમાં ચાલતા એક ખૂંખાર અને નફ્ફટ સિન્ડિકેટનું ચાલી રહ્યું છે. જેલના સળિયા ગણીને આવેલો એક ભ્રષ્ટ કોન્સ્ટેબલ હનુભા ઉર્ફે હનુ કામડિયા અત્યારે કરજણનો અઘોષિત ડોન બનીને આખા પંથકને નશાના દળદલમાં ધકેલી રહ્યો છે.

### મોતની ફેક્ટરીઓ અને જુગારના અડ્ડા: કરજણના 4 કાળા પ્રદેશ!

કુરાલી (પાણીની ટાંકી પાસે): નવી નગરીમાં કાયદાના ડર વગર જાહેરમાં વરલી મટકાની ક્લબ ધમધમી રહી છે. યુવાધન પોતાની મરણમૂડી અહીં હારી રહ્યું છે અને સ્થાનિક બીટ પોલીસ તમાશો જોઈ રહી છે.

સાપા ગામ (નવી વસાહત): વડોદરા શહેરના રીઢા જુગારીઓ અને અસામાજિક તત્વો માટે આ ગામ 'સેફ હેવન' બની ગયું છે. બહારથી આવતી ગાડીઓ માટે ખાસ પોલીસ પ્રોટેક્શન ગોઠવાતું હોવાની ચર્ચા છે.

કંડારી ગામ: આખું ગામ દેશી દારૂના વેચાણ કેન્દ્રોમાં ફેરવાઈ ગયું છે. ગલીએ-ગલીએ ઝેર વેચાઈ રહ્યું છે, જાણે પોલીસ સ્ટેશન નહીં પણ બુટલેગરોની ઓફિસ ચાલતી હોય!

કરમડી ગામ: આ ગામ ચોવીસ કલાક ઝેરી કેમિકલયુક્ત દેશી દારૂ ઉકાળતી ભઠ્ઠીઓનું મુખ્ય હબ બની ગયું છે. અહીં એવું ખતરનાક કેમિકલ વપરાય છે જે ગમે ત્યારે કરજણની ધરતી પર મોટો 'લઠ્ઠાકાંડ' સર્જી શકે છે. શું આ ભ્રષ્ટ તંત્ર માસૂમોની લાશોના ઢગલા જોયા પછી જ જાગશે?

### 23 લાખના દારૂ કૌભાંડનો આરોપી હનુ કામડિયા ફરી 'કમાઉ દીકરો' કેવી રીતે બન્યો?

આ આખા કાળા સામ્રાજ્યનો અસલી માસ્ટરમાઈન્ડ કરજણ પોલીસનો જ કલંકિત કોન્સ્ટેબલ હનુ કામડિયા છે. આ એ જ હનુભા છે જે અગાઉ ૨૩ લાખ રૂપિયાના વિદેશી દારૂના મસમોટા કૌભાંડમાં બુટલેગરો સાથે સીધી ભાગીદારીમાં જેલની હવા ખાઈ આવ્યો છે અને જેને જિલ્લા બહાર હાંકી કઢાયો હતો.

પરંતુ, સવાલ એ છે કે જેલ રિટર્ન હોવા છતાં કયા મોટા રાજકીય આકાના ઈશારે આ ભ્રષ્ટ કોન્સ્ટેબલને ફરી કરજણમાં જ મલાઈદાર વહીવટદારની ખુરશી સોંપાઈ? કરજણના પી.આઈ. પટેલ માટે આ હનુભા અત્યારે સોનાની લગડી સમાન સાબિત થઈ રહ્યો છે. પી.આઈ. પટેલની સીધી છત્રછાયામાં હનુભા રોજ બુટલેગરો સાથે બેસીને વિદેશી દારૂનું કટિંગ કરાવી રહ્યો છે અને આ કાળા વહીવટમાંથી કરોડો રૂપિયાની બેનામી મિલકતો ઊભી કરી રહ્યો છે.

### એલસીબી મૌન, ગૃહમંત્રીના આદેશો ફેઈલ: ગાંધીનગર SMC ક્યારે ત્રાટકશે?

કરજણના પાદરે આવીને રાજ્યના ગૃહમંત્રીના કડક આદેશો પણ દમ તોડી દે છે. માત્ર દારૂ-જુગાર જ નહીં, કરજણમાં હવે ગાંજા અને ચરસ જેવા જીવલેણ નશાનું નેટવર્ક પણ સક્રિય થયું છે. જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા (LCB) પણ આ અડ્ડાઓ સામે લાલ આંખ કરવાને બદલે મીઠી નજર રાખીને બેઠી છે, કારણ કે સૂત્રોના જણાવ્યા મુજબ વહીવટદાર હનુભા દર મહિને લાખો રૂપિયાના હપ્તા છેક ઉપર સુધી પહોંચાડવાનું સેટિંગ સંભાળે છે! આ વહીવટદારની દાદાગીરી એટલી વધી ગઈ છે કે તે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની સત્તાને પણ કશું ગણતો નથી. આ મામલે ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) માં પણ લેખિત પુરાવા સાથે ફરિયાદો થઈ ચૂકી છે.

**અમારો ખુલ્લો પડકાર:** કરજણની જનતા હવે આ નરકાગાર અને હપ્તાખોરીની સિસ્ટમથી ત્રાહિમામ પોકારી ગઈ છે. જો કરજણમાં ચાલતો આ મોતનો કારોબાર અને કરોડોનો ભ્રષ્ટાચાર તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આગામી અંકમાં આ ભ્રષ્ટ ત્રિપુટીના ઓડિયો-વીડિયો પુરાવા અને કરોડોની બેનામી મિલકતોના સત્તાવાર દસ્તાવેજો સાથે એવો મહાવિસ્ફોટ કરશે કે ગાંધીનગર સુધીના પાયા હચમચી જશે! તૈયાર રહેજો!

### 'પાક્કો ગુજરાત'ના સીધા અને ધારદાર સવાલો:

1. વડોદરા જિલ્લા પોલીસ વડા અગ્રવાલ સાહેબ, તમારી નાક નીચે એક જેલ રિટર્ન કોન્સ્ટેબલ આખું તાલુકા પોલીસ સ્ટેશન ચલાવે છે.

શું તમે આ ભ્રષ્ટ વહીવટદાર હનુ કામડિયા અને પીઆઈ પટેલને તાત્કાલિક સસ્પેન્ડ કરીને તેમની કરોડોની બેનામી સંપત્તિની તપાસ વિજિલન્સ કે એસીબીને સોંપશો?

2. ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કરજણના આ ચાર ડેન્જર ઝોન પર ક્યારે ગુપ્ત દરોડા પાડીને આ ખાખી-બુટલેગરના નેક્સસના રામ રમાડશે?

3. રાજકીય આકાઓના જોરે કૂદતા આવા ભ્રષ્ટ કર્મચારીઓ સામે સરકાર ક્યારે દાખલારૂપ કડક કાનૂની કાર્યવાહી કરીને જેલ ભેગા કરશે?

### સૌરાષ્ટ્રથી સુરત સુધી 'જળતાંડવ': ડેમો છલકાયા, વાહનો ડૂબ્યા!

## મેઘરાજાએ સુન્ધા માતાના પગથિયા પખાળ્યા, 6 દિવસથી અણનમ ઈનિંગ!

ગાંધીનગર

ગુજરાતમાં જાણે આભ ફાટ્યું હોય તેમ છેલ્લા 6 દિવસથી મેઘરાજા ક્રિઝ પર અણનમ છે અને એવી બેટિંગ કરી રહ્યા છે કે આખું રાજ્ય પાણીમાં ગરકાવ થઈ ગયું છે. સૌરાષ્ટ્રના સુકા ગણાતા પંથકોથી લઈને દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર સુરત સુધી, કુદરતે પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. આ કોઈ સામાન્ય વરસાદ નથી, આ આકાશી આફતનું એવું ઘાતક આક્રમણ છે જેણે જનજીવનને બાનમાં લીધું છે.

આ મહાજોરદાર વરસાદ વચ્ચે એક અદ્ભુત અને અલૌકિક દ્રશ્ય સામે આવ્યું છે. સતત વરસી રહેલા અનરાધાર વરસાદને કારણે પહાડો પરથી વહેતા પાણીના ઝરણાંઓએ રૌદ્ર અને પવિત્ર સ્વરૂપ ધારણ કર્યું છે.

મેઘરાજાએ સ્વયં સુન્ધા માતા મંદિરના પગથિયા પખાળ્યા છે! મંદિરના પગથિયા પરથી દૂધની નદી વહેતી હોય તેમ પાણીના જોરદાર પ્રવાહ વહી રહ્યા છે. શ્રદ્ધાળુઓ આ દ્રશ્ય જોઈને ભક્તિભાવ સાથે રોમાંચ અનુભવી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં જળબંબોળ: રાજકોટ, જામનગર અને જૂનાગઢના નાના-મોટા તમામ ડેમો ઓવરફ્લો થઈ ચૂક્યા છે. ડેમોના દરવાજા ખોલાતા જ નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે.

સુરતમાં 'જળસમાધિ': ડાયમંડ સિટી સુરતના રસ્તાઓ હવે રસ્તા નથી રહ્યા, પણ સ્વિમિંગ પૂલ અને નદીઓ બની ગયા છે. ઘૂંટણસમા પાણીમાં લક્ઝરી કારથી લઈને બાઈકો રમકડાની જેમ ડૂબી ગયેલી જોવા મળી રહી છે.

વાહનો તણાયા: અનેક વિસ્તારોમાં પાર્ક કરેલી ગાડીઓ પૂરના પ્રચંડ પ્રવાહમાં કાગળની હોડીની જેમ તણાઈ જતી લાઈવ તસવીરો કેમેરામાં કેદ થઈ છે.

'પાક્કો ગુજરાત' સ્પેશિયલ બુલેટિન

6 દિવસની અણનમ ઈનિંગ: મેઘરાજા થાકવાનું નામ નથી લઈ રહ્યા. અવિરત બેટિંગ ચાલુ છે.

કંટ્રોલ રૂમ એલર્ટ: વહીવટી તંત્ર રાત-દિવસ દોડતું થયું છે, NDRFની ટીમો તૈનાત છે.

આકાશી નજરો: ડ્રોન કેમેરાથી લેવાયેલી તસવીરોમાં આખું ગુજરાત એક વિશાળ સમુદ્ર જેવું દેખાઈ રહ્યું છે.

હવામાન વિભાગની કડક ચેતવણી છે કે હજુ પણ આ ઘાતક ઈનિંગ પૂરી થવાની નથી. આગામી 48 કલાકમાં અતિભારે વરસાદની આગાહી છે. નદીઓ બે કાંઠે છે, તળાવો હિલોળા લઈ રહ્યા છે અને ડેમોના પાળા તૂટવાની અણી પર છે. ગુજરાત અત્યારે પાણીના પહાડ સામે ઝઝૂમી રહ્યું છે!

### દાંતામાં ખાખીના આશીર્વાદથી બુટલેગરો બેફામ

## દારૂના અડ્ડાઓ પર પોલીસ કાર્યવાહી કરવા લાચાર, કયા જમાદારના વરદહસ્તે ચાલે છે કાળો કારોબાર..?

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર! હોમ ડિલિવરીથી લઈને દેશી-વિદેશી મધૂશાળા ખુલ્લેઆમ ધમધમી; લાખોના હપ્તાખોરીના ખેલ સામે પોલીસ વડા લાલ આંખ કરશે ખરા?

દાંતા

ગુજરાતમાં ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતો વધુ એક કિસ્સો બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાંથી સામે આવ્યો છે. દાંતા તાલુકો છેલ્લા ઘણા સમયથી દેશી અને વિદેશી દારૂના ગેરકાયદેસર અડ્ડાઓને કારણે વિવાદો અને ચર્ચાઓના કેન્દ્રમાં રહ્યો છે. સ્થાનિકોમાં ઉઠતા સવાલો મુજબ, દાંતાના અલગ-અલગ વિસ્તારો અને ગ્રામ્ય આલમમાં દારૂના અડ્ડાઓ કોઈ પણ ડર વગર ધમધમી રહ્યા છે અને વિદેશી દારૂની હોમ ડિલિવરી પણ ખુલ્લેઆમ કરવામાં આવી રહી છે. ત્યારે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, આ આખા કાળા કારોબાર પાછળ કયા પોલીસ કર્મચારીઓ કે જમાદારના ચારેય હાથ રહેલા છે?



એક તરફ રાજ્ય સરકાર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ એવા મોટા-મોટા નિવેદનો કરે છે કે ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો છે અને બુટલેગરો પર સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીનગરમાં બેસીને કરાતા આ દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત જોવા મળી રહ્યા છે. દાંતા તાલુકાના અંતરિયાળ અને મુખ્ય એવા અનેક ગામડાઓ છે જ્યાં બુટલેગરોએ જાહેરમાં જ હાટડીઓ ખોલી દીધી છે, છતાં સ્થાનિક પોલીસ આ તરફ નજર સરખી પણ કરવા તૈયાર નથી. સૂત્રો અને ચર્ચાતી વિગતો મુજબ, દાંતા પોલીસને દારૂના બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં કોઈ રસ જ રહ્યો નથી. તેની પાછળનું મુખ્ય કારણ દર મહિને ગોઠવાતું મસ્ત મોટું હપ્તાખોરીનું સેટિંગ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બુટલેગરો પાસેથી દર મહિને લાખો રૂપિયાના ઉઘરાણા કરીને ખાખી પોતાની ફરજ પર કાળો પડદો નાખી રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સિસ્ટમની આ જ નબળાઈને કારણે બુટલેગરોના હોસલા બુલંદ બન્યા છે અને કાયદાનો કોઈ ભય રહ્યો નથી.

## એરડા ગામેથી બાવળના ઝાડ નીચે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

ગોસા (ઘેડ), તાવિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારના એરડા ગામના પાદરમાં બાવળના ઝાડ નીચે જાહેરમાં તીનપત્તી રોન પોલીસ નામનો જુગાર રમતા પાંચ શખ્સોને નવીબંદર મરીન પોલીસે રોકડ રૂ.૧૫,૧૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નાબૂદ કરવા ખાસ ઝુંબેશ ચાલી રહી છે. તે અનુસંધાને રાણાવાવ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ નવીબંદર મરીન પોલીસ સ્ટેશનના



પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર. ચૌધરી તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન એએસઆઈ દેવાભાઈ એ. ઓડેદરાને મળેલી બાતમીના આધારે પોલીસે એરડા ગામના પાદરમાં દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા પાંચ વ્યક્તિઓને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા શખ્સોમાં ગાંગા વૈદેભાઈ ભુતીયા (રહે. મિત્રાળા), ગાંગા રિણાભાઈ ઓડેદરા (રહે. એરડા), લખમણ માલદેભાઈ ભુતીયા (રહે. દેરોદર), કેશવ મુંજાભાઈ કારાવદરા (રહે. નેરાણા) તથા જખરા માલદેભાઈ ઓડેદરા (રહે. એરડા)નો સમાવેશ થાય છે.

### "ગાંધીનગર જતા હતા પણ રસ્તા બંધ કરીને રોકી દીધા!"

## હક્કની રજૂઆત કરવા નીકળેલા ખેડૂતોને પોલીસે અટકાવ્યા , અન્નદાતાનો સરકાર સામે પ્રચંડ વિરોધ

ગાંધીનગર

પોતાના હક્ક અને ન્યાય માટે ગાંધીનગરના દ્વારે પહોંચવા નીકળેલા ગુજરાતના ખેડૂતોને ફરી એકવાર સત્તાના જોરે રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખેડૂત નેતાઓ જ્યારે પોતાની પડતર માંગણીઓ અને વિવિધ પ્રશ્નો અંગે સરકારને લેખિત રજૂઆત કરવા ગાંધીનગર તરફ કૂચ કરી રહ્યા હતા, ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા રસ્તાઓ બંધ કરીને તેમની ધરપકડ અને અટકાયત કરવામાં આવી હતી. આ દમનકારી નીતિ સામે અન્નદાતાઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને તેમણે રસ્તા પર જ બેસીને સરકાર સામે જોરદાર વિરોધ નોંધાવ્યો છે. ખેડૂત નેતાઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની કાયદેસરની રજૂઆત શાંતિપૂર્ણ રીતે સરકાર સુધી પહોંચાડવા માંગતા હતા. પરંતુ ગાંધીનગર પહોંચે તે પહેલા જ પોલીસ કાફલાએ રસ્તાઓ આંતરી લીધા હતા. રસ્તાઓ પર નાકાબંધી: જાણે કોઈ ગુનેગારોને રોકવાના હોય તેમ ખેડૂતોના રસ્તા બંધ કરી દેવામાં આવ્યા હતા. ખેડૂતોનો આક્રોશ: પોલીસે અટકાવતા જ ખેડૂતોએ ત્યાં જ વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધું હતું અને સરકાર વિરોધી સૂત્રોચ્ચારોથી વાતાવરણ ગજવી મૂક્યું હતું. ખેડૂત નેતાઓએ આક્રોશ સાથે જણાવ્યું કે, "અમે કોઈ હિંસા કરવા નથી જતા, અમે માત્ર ગાંધીનગર રજૂઆત કરવા જતા હતા પણ રસ્તા બંધ કરીને અમને રોકી દીધા. આ લોકશાહીનું હનન છે." ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં સરકારને ચેતવણી આપી છે કે ધરપકડ કે અટકાયતથી તેમનો અવાજ દબાવી શકાશે નહીં. જમીન, વીજળી, પાક વીમો કે પોષણક્ષમ ભાવ જેવા અનેક સળગતા પ્રશ્નોને લઈને ખેડૂતો હવે આરપારની લડાઈના મૂડમાં છે. પોલીસે અટકાવ્યા હોવા છતાં ખેડૂતોએ મક્કમતાપૂર્વક પોતાનો વિરોધ ચાલુ રાખ્યો હતો અને ન્યાય ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી આપી છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 09 જુલાઈ 2026 | અમદાવાદ

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં**

# ગુજરાત પોલીસ દળમાં નવ નિયુક્ત 449 બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને મુખ્યમંત્રીના હસ્તે નિમણૂક પત્ર એનાયત કરાયા

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત પોલીસમાં બિનહથિયારી પી.એસ.આઈ. તરીકે જોડાઈ રહેલા નવનિયુક્ત યુવાઓને નિષ્ઠા, પ્રમાણિકતા અને સમાજ સેવાની ભાવનાથી કર્તવ્યરત રહીને નાગરિક દેવો ભવ તથા "વસુધૈવ કુટુંબકમ"ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મંત્રને સાકાર કરવા આહવાન કર્યું હતું.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વધુ ૪૪૯ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને પોલીસ દળમાં નિમણૂક આપવામાં આવી છે. આ નવ નિયુક્ત યુવાઓને નિમણૂકપત્ર અર્પણનો ગરિમામય સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ તેમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહીને નવનિયુક્ત અધિકારીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, કોઈપણ રાજ્યનો વિકાસ શાંતિ અને સલામતી વગર શક્ય નથી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે દેશના રોલ મોડલ તરીકે તથા રોકાણો વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે વૈશ્વિક વિકાસની જે ખ્યાતિ મેળવી છે તેમાં શાંતિ અને સલામતિના પ્રહરી એવા પોલીસ દળનો સિંહ ફાળો છે. "તમે સૌ હવે આ પોલીસ દળમાં જોડાયા છો અને સમાજને, તમારા પરિવારને તમારા સૌ માટે ગૌરવ થાય એવું રાજ્ય-રાષ્ટ્રહિતનું દાયિત્વ તમારે સમાજ સાથે રહીને નિભાવવાનું છે" એમ મુખ્યમંત્રીએ નવનિયુક્ત યુવા પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને પ્રેરણા આપતા જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે, સમાજ જીવનમાં પોલીસનું સ્થાન અને સન્માન એવા ગૌરવભર્યા છે કે તેની હાજરી માત્રથી જ સામાન્ય નાગરિકમાં વિશ્વાસ જાગે છે કે હવે જે કઈપણ થશે તે ન્યાયપૂર્ણ થશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, પોલીસ તંત્રમાં કોઈ એક વ્યક્તિનું સારું કાર્ય આખાય ડિપાર્ટમેન્ટને ક્રેડિટ અપાવનારું બની જતું હોય છે.

**નિષ્ઠા, પ્રમાણિકતા અને સમાજ સેવાની ભાવનાથી કર્તવ્યરત રહીને "નાગરિક દેવો ભવ" - "વસુધૈવ કુટુંબકમ"નો મંત્ર સાકાર કરજો**



**દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું**

# સુરત શહેરમાં 38 કલાકમાં 19 ઈંચ વરસાદ, 3,416 લોકોનું રેસ્ક્યુ કરાયું

સુરત

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં ખાસ કરીને સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સુરત શહેરમાં છેલ્લા ૩૮ કલાકના ટૂંકા ગાળામાં જ રેકોર્ડબ્રેક ૧૯ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતા સમગ્ર શહેર જળબંબોળ બન્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવા દ્રશ્યો સર્જાતા વહીવટી તંત્ર અને બચાવ ટુકડીઓ યુદ્ધના ધોરણે કામે લાગી ગઈ છે.

ભારે વરસાદને પગલે સર્જાયેલી કટોકટીની સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં પૂરના પાણીમાં ફસાયેલા ૩,૪૧૬ લોકોને દિલધડક રીતે રેસ્ક્યુ કરીને બચાવી લેવાયા છે. આ ઉપરાંત, સલામતીના પગલાં રૂપે અન્ય ૩,૮૬૨ લોકોનું સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવામાં આવ્યું છે.



શહેરમાં રાહત અને બચાવ કામગીરી અંતર્ગત આશ્રય મેળવી રહેલા વિસ્થાપિતો માટે વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા જમવાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, જેના ભાગરૂપે અત્યાર સુધીમાં ૯,૫૬૩ ફૂડ પેકેટ્સનું વિતરણ કરાયું છે.

બીજી તરફ, સુરત ગ્રામ્ય વિસ્તારમાં પણ મેઘકહેર જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં જ ૭.૫૯ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારના પલસાણા તાલુકામાં પણ પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યાને પગલે ૧૯ લોકોને તાત્કાલિક અન્ય સ્થળે ખસેડાયા છે. આ તમામ પ્રભાવિત લોકો માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા શેલ્ટર હોમ અને ફૂડ પેકેટ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં પણ સુરત શહેર અને ગ્રામ્યમાં રાહત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

**કાદવ-કીચડ વચ્ચે 500 મીટર ખાટલા પર ઊંચકીને નવજાત અને માતાનો જીવ બચાવ્યો!**

# જામજોધપુરમાં 'કુદરત' સામે '108'ની જંગ: રસ્તો બંધ હોવાથી સગર્ભાની ઘરે જ કરાવી સફળ પ્રસૂતિ

જામનગર/જામજોધપુર

ગુજરાતમાં જ્યાં એકતરફ મેઘરાજાએ તબાહી મચાવી છે અને રસ્તાઓ બંધ કરી દીધા છે, ત્યાં બીજી તરફ જામનગરના જામજોધપુર પંથકમાંથી માનવતા અને બહાદુરીના એવા દ્રશ્યો સામે આવ્યા છે જે સલ્યુટ કરવા મજબૂર કરી દે. મુશળધાર વરસાદને કારણે રસ્તાઓ બંધ થઈ જતાં એક સગર્ભા મહિલા મરણતોલ પીડાથી કણસી રહી હતી. પણ કહેવાય છે ને કે 'જાકો રાખે સાઈંયા, માર સકે ન કોય'... સમયસર ભગવાન તો ન આવ્યા, પણ ભગવાનના રૂપમાં ૧૦૮ એમ્બ્યુલન્સના જાંબાઝ કર્મચારીઓ પહોંચી ગયા અને એક નવો ઈતિહાસ રચી દીધો!

ઘટનાની વિગત એવી છે કે જામજોધપુરના ગ્રામ્ય વિસ્તારમાં સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડી હતી. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ને ફોન કર્યો. એમ્બ્યુલન્સ રવાના તો થઈ, પણ ગામના રસ્તા પર ભારે વરસાદના કારણે કાદવ-કીચડ અને પાણી ભરાયેલા હોવાથી ગાડી આગળ જઈ શકે તેમ નહોતી. ૧૦૮ના ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન (EMT) અને પાઈલોટે એક પણ સેકન્ડ ગુમાવ્યા વગર એમ્બ્યુલન્સ ત્યાં જ ઉભી રાખી અને ડિલિવરી કીટ લઈને કાદવ ખૂંદતા-ખૂંદતા સગર્ભાના ઘર સુધી પગપાળા દોડી ગયા. ઘરે જ કરાવી સફળ ડિલિવરી: હોસ્પિટલ પહોંચવાનો સમય ન હોવાથી ૧૦૮ની ટીમે સમયસૂચકતા વાપરીને ઘરની અંદર જ સફળ અને સુરક્ષિત પ્રસૂતિ કરાવી. માતાએ એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો. 500 મીટરનો કિલર ટાસ્ક: પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુને હોસ્પિટલ પહોંચાડવા જરૂરી હતા. પરંતુ બહાર ઘૂંટણસમા કાદવ-કીચડ હતા. ૧૦૮ના કર્મીઓએ સ્થાનિક લોકોની મદદથી માતા અને નવજાત બાળકને ખાટલા પર સુવડાવ્યા અને અડધો કિલોમીટર (500 મીટર) સુધી ખાટલો ખભા પર ઊંચકી, કાદવ ખૂંદીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યા!

સલામ છે આ વીરોને! : જ્યાં સુધી આવા કર્મીઓ ગુજરાતની ધરતી પર ફરજ બજાવી રહ્યા છે, ત્યાં સુધી ગમે તેવી આકાશી આફત પણ જનતાનો વાળ વાંકો નહીં કરી શકે. પોતાની જાન જોખમમાં મૂકીને, કાદવ-કીચડની પરવા કર્યા વગર એક માતા અને બાળકની જિંદગી બચાવનારા ૧૦૮ના આ વીર જવાનોને 'પાક્કો ગુજરાત' કોટી-કોટી સલામ કરે છે.

**દાંતા અને હડાદ પંથકમાં આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી**

# CHO રેગ્યુલર થયા તો હવે FHW બન્યા ગુલ્લીબાજ! જનતા રામભરોસે

દાંતા/હડાદ

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને હડાદ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં સરકારી આરોગ્ય સુવિધાઓની કેવી ગંભીર સ્થિતિ છે, તેનો એક ચોંકાવનારો ખુલાસો 'પાક્કો ગુજરાત' દ્વારા કરવામાં આવેલા ખાસ રિયાલિટી ચેકમાં થયો છે. આ બંને તાલુકાઓમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવી વરવી વાસ્તવિકતા સામે આવી છે. લાંબા સમયના વિવાદો અને રજૂઆતો બાદ હવે જ્યારે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) ફરજ પર નિયમિત થયા છે, ત્યારે બીજી તરફ ફીમેલ હેલ્થ વર્કર (FHW) એ હવે ખુલ્લેઆમ ગુલ્લી મારવાનું શરૂ કરી દીધું છે. અમારા પ્રતિનિધિ દ્વારા જ્યારે દાંતા અને હડાદ તાલુકાના જુદા-જુદા અંતરિયાળ ગામડાઓના સબ-સેન્ટરો અને આરોગ્ય કેન્દ્રો પર જઈને આકસ્મિક રિયાલિટી ચેક કરવામાં આવ્યું, ત્યારે વહીવટી



તંત્રના લીરેલીરા ઉડતા જોવા મળ્યા હતા. અનેક સેન્ટરો પર ફરજ બજાવતા મહિલા હેલ્થ વર્કર્સ (FHW) પોતાની ઓફિશિયલ ડ્યુટીના સમયે હાજર જ નહોતા. સ્થાનિક લોકોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ફરજ પરના FHW માત્ર નામના જ છે. તેઓ ક્યારેક ખાલી હાજરી પુરાવવા પૂરતા જ સેન્ટર પર આવે છે અને પોતાના વિસ્તારમાં આંટો મારીને ગણતરીની મિનિટોમાં રફુચક્કર થઈ જાય છે. સરકાર તરફથી દર મહિને હજારો-લાખો રૂપિયાનો મસમોટો પગાર મેળવતા આ સરકારી કર્મચારીઓ જ્યારે ગરીબ અને આદિવાસી વિસ્તારના દર્દીઓને પાયાની સેવાઓ જ ન આપી શકતા હોય, ત્યારે આનાથી મોટી કમનસીબી બીજી કઈ હોઈ શકે? અંતરિયાળ વિસ્તારના સગર્ભા મહિલાઓ અને નાના બાળકોને રસીકરણ તેમજ અન્ય પ્રાથમિક સારવાર માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જનતાના ટેક્સના પૈસાથી જલસા કરતા આવા ગુલ્લીબાજ કર્મચારીઓ સામે ઉચ્ચ વહીવટી તંત્ર કેમ આંખ આડા કાન કરીને બેઠું છે, તે સમજાતું નથી. હાલ તો દાંતા અને હડાદ તાલુકાના ગ્રામજનોએ એકસૂરે માંગ કરી છે કે સમયસર ગેરહાજર રહેતા અને લોકોની જિંદગી સાથે રમત રમતા આવા કામચોર કર્મચારીઓ સામે ઉચ્ચ સ્તરેથી કડક તપાસ કમિટી બેસાડવામાં આવે અને તમામને તાત્કાલિક સસ્પેન્ડ કરીને કાયદેસરના પગલાં લેવામાં આવે.

**દેશી પિસ્ટલ અને દેશી કટ્ટા સાથે નાસતો ફરતો આરોપી ઝડપાયો**

# ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા એક મોટી સફળતા મેળવવામાં આવી

ભાવનગર

ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા એક મોટી સફળતા મેળવવામાં આવી છે. ઉમરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા-ફરતા એક આરોપીને દેશી પિસ્ટલ અને દેશી કટ્ટા સાથે ઝડપી પાડવામાં આવ્યો છે.

આગામી રથયાત્રાના તહેવારને ધ્યાનમાં રાખીને ગુનેગારો પર નજર રાખવા અને ગેરકાયદેસર હથિયારો પકડવા માટે ભાવનગર રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારી અને પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય દ્વારા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર વી.બી. ચૌધરી અને એચ.પી. બારડની ટીમ કાર્યરત હતી.

૮ જુલાઈના રોજ પેરોલ ફર્લો



સ્કવોડની ટીમ ભાવનગર શહેરમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે ઉમરાળા પોલીસ સ્ટેશનમાં ખુનની કોશિશના ગુનામાં નાસતો-ફરતો આરોપી હરીચંન્દ્રસિંહ ઉર્ફે પીન્ટુભા નિરૂભા ગોહિલ (રહે. વાંગધ્રા, તા. ઉમરાળા) હાલ ભાવનગર-રાજકોટ હાઈવે પર ચિત્રા વિસ્તારમાં મસ્તારામ મંદિર પાસે, સરકારી અનાજના ગોડાઉન નજીક ઉભો છે.

બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને ૪૩ વર્ષીય હરીચંન્દ્રસિંહ ગોહિલને ઝડપી લીધો હતો. તેની તલાશી લેતા તેની પાસેથી ૨,૦૦૦ રૂપિયાની કિંમતનો એક દેશી કટ્ટો અને ૧૦,૦૦૦ રૂપિયાની કિંમતની એક સિલ્વર કલરની દેશી પિસ્ટલ મળી આવી હતી. પોલીસે કુલ ૧૨,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આરોપી સામે ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે, તેમજ ઉમરાળા પોલીસ સ્ટેશનને પણ આ અંગે જાણ કરવામાં આવી છે. પકડાયેલા આરોપી સામે અગાઉ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલો હતો.

**ડભોઈ હાઇવે કે 'ડેથ ઝોન'? પલાસવાડા ફાટક પાસે અકસ્માતનો ગંભીર ભય!**

# ડભોઈ પોલીસ એક્શનમાં : માર્ગ-મકાન વિભાગને લેખિતમાં ઠમઠોર્યું 'અકસ્માત થયો તો અધિકારી અને કોન્ટ્રાક્ટર સીધા જેલ ભેગા થશે..!'

વડોદરા/ડભોઈ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (એકતાનગર) ને જોડતો ડભોઈ-વડોદરા હાઈવે, જે દેશ-વિદેશના પ્રવાસીઓથી સતત ધમધમતો રહે છે, તે અત્યારે તંત્રની આડોડાઈ અને ભ્રષ્ટાચારી આળસને કારણે 'મોતનો કૂવો' બની ગયો છે! પલાસવાડા રેલવે ફાટક પાસે છેલ્લા એક વર્ષથી ચાલતી ઓવરબ્રિજની કાચબા ગતિની કામગીરી અને ત્યાં અપાયેલું જોખમી ડાયવર્ઝન ગમે ત્યારે મોટા નરસંહારને આમંત્રણ આપી રહ્યું છે. આ મામલે જનતાના જીવ બચાવવા માટે ડભોઈ પોલીસ સિંઘમ સ્ટાઈલમાં એક્શનમાં આવી છે. પી.આઈ.



એ.ટી. પટેલ અને પી.એસ.આઈ. જે.જી. વાઘેલાએ માર્ગ અને મકાન વિભાગના ભાન ભૂલેલા અધિકારીઓની શાન ઠેકાણે લાવવા કડક શબ્દોમાં લેખિત ચેતવણી ફટકારી દીધી છે! ગ્રાઉન્ડ ઝીરો પર પરિસ્થિતિ એટલી ભયાનક છે કે અજાણ્યા વાહન ચાલકો માટે અહીંથી જીવતા નીકળવું નસીબ આધારિત બની ગયું છે. જીવલેણ વળાંક: બ્રિજની કામગીરી માટે રોડની બંને તરફ સિમેન્ટના મસમોટા બ્લોક મૂકી દેવાયા છે. હાઈવે ડિવાઈડર તોડીને ટ્રાફિકને જમણી તરફ ડાયવર્ટ કરાયો છે, પણ આ ડાયવર્ઝન આવે તે પહેલાં જ એક એવો જોખમી વળાંક છે જેને કારણે આગળનો રસ્તો બંધ છે તે વાહન ચાલકોને દેખાતો જ નથી! અપૂરતા સાઈન બોર્ડનો ખેલ: અકસ્માત રોકવા માટે લગાવેલું બોર્ડ એટલું નાનું અને અંદરના ભાગે છે કે ૧૦૦ની સ્પીડે આવતા વાહનોને છેલ્લી ઘડી સુધી કશું દેખાતું જ નથી. પરિણામે વાહન ચાલકો છેલ્લી સેકન્ડે જોરદાર બ્રેક મારે છે અને રોજબરોજ ગાડીઓ પલટી ખાતા-ખાતા બચે છે. આ જીવલેણ દ્રશ્યો પોલીસે પોતે નજરે જોયા છે! ડભોઈ પોલીસે પાઠવેલા પત્રમાં સરકારી બાબુઓ અને મલાઈ ખાતા કોન્ટ્રાક્ટરોની હવા ટાઈટ કરી દીધી છે. પોલીસની લેખિત રજૂઆતમાં સ્પષ્ટ કહી દેવાયું છે કે, જો સુરક્ષા વ્યવસ્થાના અભાવે આ પલાસવાડા ફાટક પાસે ભવિષ્યમાં કોઈ પણ નાનો-મોટો અકસ્માત થયો કે કોઈ પ્રવાસીનો જીવ ગયો, તો તેની સંપૂર્ણ જવાબદારી માર્ગ અને મકાન વિભાગની રહેશે.

**બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો માટે ચોંકાવનારા સમાચાર**

# પશુપાલકોના લોહી-પરસેવાની કમાણી ચાવતા મંત્રીઓ : બનાસકાંઠાની દૂધ મંડળીઓમાં ભ્રષ્ટાચારનો અજગરભરડો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો માટે એક ચોંકાવનારા અને કંપાવી મૂકે તેવા સમાચાર સામે આવ્યા છે. શ્વેતક્રાંતિના નામે કરોડો રૂપિયાનું ટર્નઓવર કરતી બનાસકાંઠાની સ્થાનિક દૂધ મંડળીઓમાં ચાલતી અંધેર નગરી અને ગંડુ રાજા જેવી સ્થિતિનો પર્દાફાશ થયો છે. એક ગામની દૂધ મંડળીનો સીસીટીવી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે મંડળીનો કર્મચારી બલ્ક કૂલરમાં ટેન્કર આવતાની સાથે જ સીધી પાણીની પાઈપ લગાવીને સેંકડો લિટર પાણી રેડી રહ્યો છે. આ કોઈ અકસ્માત કે ભૂલ નથી, પરંતુ રોજબરોજ પશુપાલકોની આંખમાં ધૂળ નાખીને આચરવામાં આવતું



સંગઠિત કૌભાંડ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પશુપાલકોના જણાવ્યા અનુસાર, સમગ્ર બનાસકાંઠા જિલ્લાની મોટાભાગની મંડળીઓમાં વહીવટદારો અને મંત્રીઓ બેફામ બન્યા છે. સ્થાનિક સ્તરેથી ઉઠેલા અવાજ મુજબ, મંડળીઓમાં એક-બે નહીં પરંતુ પૂરા ૧૫ ગંભીર પ્રકારના આક્ષેપો સામે આવ્યા છે, જેના પર તંત્ર રહસ્યમય મૌન સેવીને બેઠું છે. સૌથી મોટો આક્ષેપ દૂધમાં પાણીના ભેળસેળનો છે. રોજનું અંદાજે ૨૦૦ લિટર એટલે કે મહિને ૬૦૦૦ લિટર પાણી શુદ્ધ દૂધમાં ભેળવીને લાખો રૂપિયાની ઉઘાડી લૂંટ ચલાવવામાં આવે છે. આટલું ઓછું હોય તેમ, ટેકનોલોજીના નામે પણ પશુપાલકોના ખિસ્સા કાપવામાં આવી રહ્યા છે. ફેટ માપવાના મશીનમાં જાણીજોઈને ૦.૨ થી ૦.૫ પોઈન્ટનું સેટિંગ નીચું રાખીને પશુપાલકોને ઓછો ભાવ ચૂકવાય છે અને વજનકાંટામાં પણ પ્રતિ લિટરે ૫૦ થી ૧૦૦ ગ્રામની ચોરી કરીને રોજ હજારો રૂપિયા મંત્રીઓના ખિસ્સામાં સરકાવી દેવાય છે. બીજી તરફ, મંડળીઓના આંતરિક વહીવટમાં પણ વ્યાપક સડો જોવા મળ્યો છે. કાગળ પર વર્ષે દોઢ કરોડ રૂપિયાના ખોટા બિલ અને વાઉચરો બનાવીને નફાની રકમ બારોબાર ઉપાડી લેવાય છે.

# આંકલાવની સિરાકોટ કંપનીમાં ક્રેન પલ્ટી જતાં મોટી દુર્ઘટના: એક યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત

આંકલાવ

આંકલાવ તાલુકાના ખડોલ (હ) નજીક આવેલી સિરાકોટ કંપનીમાં એક ગંભીર ઔદ્યોગિક દુર્ઘટના સર્જાઈ છે. કંપનીમાં રિએક્ટર ગોઠવવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન અચાનક ક્રેન પલ્ટી મારી ગઈ હતી. આ દુર્ઘટનામાં એક આશાસ્પદ યુવક ક્રેન નીચે દબાઈ ગયો હતો અને તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે ફેક્ટરી પરિસરમાં ભારે અફરાતફરી અને શોકનો માહોલ વ્યાપી ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ અને



આંકલાવ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક યુવકના દેહને ક્રેન નીચેથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો છે. આંકલાવ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધીને કંપનીમાં સુરક્ષાના સાધનો અને નિયમોનું પાલન થતું હતું કે નહીં તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# લાખોની ટેક્સ ચોરીનું મોટું કૌભાંડ: જેતપુરમાં એક જ નંબર પ્લેટ પર દોડતી 'ભૂતિયા બસો' ઝડપાઈ, 1.55 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત

## બંને બસોને કબજે લઈ પોલીસે જ્યારે આગવી ઢબે તપાસ શરૂ કરી ત્યારે કૌભાંડના તાર વધુ ઉંડા હોવાનું માલૂમ પડ્યું હતું

રાજકોટ

રાજકોટ જિલ્લાના જેતપુરમાંથી ટેક્સ ચોરીનું એક એવું ચોંકાવનારું કૌભાંડ સામે આવ્યું છે જેણે કાયદાકીય તંત્ર અને આરટીઓ વિભાગની કામગીરી સામે મોટા સવાલો ઉભા કર્યા છે. સરકારને લાખો રૂપિયાનો ચૂનો ચોપડવા માટે ખાનગી લક્ઝરી ટ્રાવેલ્સના સંચાલકોએ એક અનોખો અને જોખમી ખેલ રચ્યો હતો. કાગળ પર માત્ર એક જ બસની નોંધણી કરાવી, તેના જ રજીસ્ટ્રેશન નંબરની નકલી નંબર પ્લેટો બનાવીને એક સાથે અનેક બસો અલગ-અલગ રૂટ પર દોડાવવામાં આવતી હતી.

જેતપુર ઉદ્યોગનગર પોલીસે આ સમગ્ર ગોરખધંધાનો પર્દાફાશ કરીને બે અલગ-અલગ ગુના નોંધી ૧૦ લક્ઝરી બસ અને એક ઓમ્ની કાર સહિત કુલ ૧૧ વાહનો જપ્ત કર્યા છે. પોલીસે અંદાજે એક કરોડ ૫૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કુલ ત્રણ આરોપીઓની અટકાયત કરી છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે જેતપુર અને મેંદરડા વિસ્તારના કેટલાક ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો એક જ નંબર પ્લેટનો ઉપયોગ અનેક બસોમાં કરીને સરકારના આરટીઓ ટેક્સ અને વીમાની ચોરી કરી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે પર રબારીકા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. થોડા જ સમયમાં જૂનાગઢ તરફથી આવી રહેલી 'શ્રી મહાલક્ષ્મી ટ્રાવેલ્સ'ની બસને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બસ પર AR-01-U-9905 નંબર લખાયેલો હતો, પરંતુ ડ્રાઈવર પાસે વાહનનો કોઈ જ દસ્તાવેજ ન હતો. પૂછપરછ દરમિયાન ડ્રાઈવર કૌશિક જયસ્વાલે કબૂલાત કરી કે બસ પર તેના ભાઈની બસનો નંબર લગાડવામાં આવ્યો છે. હજુ પોલીસ આ બસની તપાસ કરી રહી હતી ત્યાં જ બરાબર એ જ નંબર ધરાવતી બીજી લક્ઝરી બસ પણ ત્યાંથી પસાર થઈ હતી. એક જ નંબરની બે બસો સામસામે જોઈને પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. બંને બસોને કબજે લઈ પોલીસે જ્યારે આગવી ઢબે તપાસ શરૂ કરી ત્યારે કૌભાંડના તાર વધુ ઉંડા હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે તાત્કાલિક જેતપુર-જૂનાગઢ હાઈવે પર આવેલા પાવન ટ્રાવેલ્સના ડેલા પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસને ત્યાંથી એક જ રજીસ્ટ્રેશન નંબર GJ-14-T-0932 ધરાવતી વધુ ચાર લક્ઝરી બસો મળી આવી હતી. આ તમામ બસો પર નકલી નંબર પ્લેટ લગાડીને તેને રોડ પર દોડાવવામાં આવતી હતી.

# ગીર સોમનાથ પોલીસે "તેરા તુજકો અર્પણ" અભિયાન હેઠળ 16 ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત કર્યા

ઉના, કૈલૈશ ભટ્ટ

ગીર સોમનાથ પોલીસે જનહિતલક્ષી કામગીરીના ભાગરૂપે 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ 16 ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત કર્યા છે. આ ફોનની અંદાજિત કિંમત રૂ. 2,70,835 છે. ઉના પોલીસની સર્વેલન્સ ટીમે ટેક્નિકલ તપાસ અને સતત પ્રયાસો બાદ આ સફળતા મેળવી હતી.



મોબાઈલ ફોન પરત મળતા માલિકોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી અને તેમણે ગીર સોમનાથ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ રેન્જ ડીઆઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા, ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા તથા ઉના વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક સી.સી. ખટાણાના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

## તંત્રી લેખ...

# પ્રગતિના ઝગમગાટ પાછળ દીકરીઓની સુરક્ષાનું સળગતું સત્ય

### ગંગાનગરની માસૂમ પર ગુજરેલો અત્યાચાર અને સિસ્ટેમિક નાકામી સામે 'પાક્કો ગુજરાત'નો વિશેષ અહેવાલ

આજે આપણે જે સમાજમાં શ્વાસ લઈ રહ્યા છીએ, તેને વ્યાખ્યાયિત કરવા માટે આપણી પાસે 'વિકાસ', 'ડિજિટલ ક્રાંતિ' અને 'આધુનિકતા' જેવા ભારેખમ શબ્દો છે. પરંતુ ગંગાનગરની હૃદયદ્રાવક અને આત્માને હચમચાવી દેનારી ઘટનાએ આ તમામ ચળકતા શબ્દો પર કાળી શાહી ફેરવી દીધી છે. આ એક એવો કમનસીબ અને કાળજું



કંપાવી દેનારો કિસ્સો છે, જેનો અહેવાલ લખતી વખતે કે તેને સોશિયલ મીડિયા પર રીપોસ્ટ કરતી વખતે પણ ભીતરથી એક ભયાનક ધ્રુજારી અનુભવાય છે. સૌથી મોટો અને વેધક સવાલ એ છે કે, ૧૯મી જૂનની એ કાળી રાતે એ માસૂમ દીકરી પર શું વીતી હશે? જ્યારે પશુતાની તમામ હદો વટાવી ચૂકેલા નરાધમો તેની સામે કાળ બનીને ઊભા હશે, ત્યારે એ કૂમળા માણસે ન્યાય અને સુરક્ષા માટે કેવા વલખાં માર્યા હશે? તેની એ આખરી ચીસો, જે કદાચ એ બંધ રૂમની દીવાલો સિવાય કોઈએ ન સાંભળી, તે આપણી સમગ્ર સામાજિક અને કાનૂની વ્યવસ્થાના મોઢા પર એક જોરદાર તમાચો છે.

### એ 72 કલાકની આસમાની પીડા: જે મા-બાપ પર ગુજરી, તે કલ્પના બહાર છે

૧૯મી જૂને દીકરી ગાયબ થાય છે અને પોલીસ છેક ૨૨મી જૂને કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને તપાસના નામે દોડધામ શરૂ કરે છે. આ વચ્ચેની હર એક પળ, હર એક સેકન્ડ એ માસૂમ દીકરીના માતા-પિતા પર કેવી ગુજરી હશે, તેની કલ્પના માત્રથી કોઈપણ સંવેદનશીલ માણસનું હૃદય બેચેનીથી ભરાઈ જાય. એક-એક મિનિટ દીકરીની ઘરવાપસીની આશામાં વિતાવવી, દરવાજે થતી સહેજ હલચલ પર પણ 'મારી દીકરી આવી ગઈ' તેવા ભ્રમમાં જીવવું અને સિસ્ટમની ઘોર બેદરકારી સામે લાચાર બનીને હાથ જોડવા–આ પીડા કોઈ પણ માતા-પિતા માટે જીવતેજીવ નરક ભોગવવા સમાન છે. જે વહાલના દરિયાને તેમણે ટાઢ-તડકો વેઠીને, લાડ-કોડથી મોટી કરી હતી, તેના ગુમ થવાના સમાચાર અને ત્યારબાદ સામે આવેલી ક્રૂર વાસ્તવિકતાએ એ પરિવારને ક્યારેય ન ભરાય તેવા જખમ આપ્યા છે. શું આ ત્રણ દિવસના વિલંબ માટે જવાબદાર અધિકારીઓ આ પીડાની કિંમત ચૂકવી શકશે?

### દરેક દીકરીના પિતાના દિલમાં ઘર કરી ગયેલો એ 'છુપો ભય'

ગંગાનગરની આ ઘટના કોઈ એક પરિવાર પૂરતી મર્યાદિત નથી. આજે જે વ્યક્તિના ઘરમાં એક નાની દીકરી છે, તે દરેક પિતા અને માતાના દિલમાં એક અજાણ્યો, છુપો ભય કાયમી અડ્ડો જમાવી ચૂક્યો છે. આપણી આસપાસનું વાતાવરણ એટલું ડરામણું બની ગયું છે કે દીકરી શાળાએથી કે ટ્યુશનથી પાંચ મિનિટ પણ મોડી થાય, તો મા-બાપના જીવ તાળવે ચોંટી જાય છે. આપણે ભલે ગમે તેટલા ડિજિટલ બની જઈએ, ગમે તેટલા લક્ઝુરિયસ મકાનો બનાવી લઈએ કે સીસીટીવી કેમેરા ગોઠવી દઈએ, પણ જો આપણી દીકરીઓ ઘરની બહાર પગ મૂકતા સુરક્ષિત ન અનુભવે, તો આ બધી ભૌતિક સુવિધાઓ નકામી અને માયાવી છે. એક સમય હતો જ્યારે આપણી દીકરીઓ મુક્ત મને, કોઈપણ ડર વગર ગમે તે સમયે ફરી શકતી હતી, પરંતુ આજે વાસ્તવિકતા તદ્દન બદલાઈ ગઈ છે. જેટલા સુરક્ષિત આપણે ભૂતકાળમાં હતા, એટલી સુરક્ષિત આપણી દીકરીઓ આજે નથી–આ કડવી અને ડરામણી લાગણીને હવે કોઈ પણ ભોગે અવગણી શકાય તેમ નથી.

### પ્રગતિના સગડ ક્યાં? સવાલ જનતાનો

વહીવટી તંત્ર અને સમાજ બંને માટે અત્યંત શરમજનક બાબત છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર આ આક્રોશભર્યા લેખના માધ્યમથી માત્ર સમાચાર નથી આપી રહ્યું, પણ સમાજ અને શાસકોની ઊંઘતી ચેતનાને ઢંઢોળવાનો પ્રયાસ કરી રહ્યું છે. ગંગાનગરની દીકરીનો આ કેસ માત્ર એક ક્રાઈમ ડાયરીનું પાનું નથી, પણ આપણી સુરક્ષા વ્યવસ્થાના નામે ચાલતા દેખાડા પર લાગેલો એક એવો કાળો ડાઘ છે જે ક્યારેય ભૂંસાશે નહીં. હવે સમય માત્ર શોક વ્યક્ત કરવાનો કે કેન્ડલ માર્ચ કાઢવાનો નથી, હવે સમય આરપારના હિસાબનો છે. નરાધમોને ફાસ્ટ ટ્રેક કોર્ટના માધ્યમથી એવી ધાક બેસે તેવી સજા મળવી જોઈએ કે ભવિષ્યમાં કોઈ પણ પાપી આવું કૃત્ય કરવાની હિંમત તો શું, તેનો વિચાર સુદ્ધાં ન કરી શકે. સાથે જ, સિસ્ટમ એટલી સતેજ બને કે ભવિષ્યમાં કોઈ પણ મા-બાપને વહાલસોઈ દીકરી ગુમાવીને આવી લાચારી ન ભોગવવી પડે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગયા જન્મના સોફ્ટવેરનું વર્તમાન અપડેટ

## આપણે આપણું શરીર બદલી શકીએ છીએ, પણ આત્માનું સોફ્ટવેર સતત આપણી સાથે યાત્રા કરે છે

આજે આપણી પાસે મોબાઈલ કે કમ્પ્યુટર હોય, તો આપણે સમય-સમય પર તેનું સોફ્ટવેર અપડેટ કરતા રહીએ છીએ. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આપણું આ શરીર અને મન પણ એક બહુ મોટા અને સુપર-ફાસ્ટ સોફ્ટવેર પર ચાલે છે? આપણું આ જીવન એટલે બીજું કંઈ નહીં, પણ આપણા ગયા જન્મનું એક અદ્રશ્ય સોફ્ટવેર છે, જે આપણી અંદર સતત ચાલી રહ્યું છે.

આપણે જ્યારે આ દુનિયામાં જન્મ લઈએ છીએ, ત્યારે આપણું મન સાવ કોરી સ્લેટ જેવું નથી હોતું. આપણે આપણી સાથે જૂની આદતો, સંસ્કારો અને કર્મોનું બહુ મોટું બેકઅપ લઈને આવીએ છીએ.

આ સોફ્ટવેર આપણા જીવનમાં કેવી રીતે કામ કરે છે, ચાલો બહુ સરળ ભાષામાં સમજીએ.

ચિત્ત: આપણી અંદર રહેલી 'હાર્ડ ડિસ્ક' કમ્પ્યુટરમાં જેમ બધો જૂનો ડેટા સાચવવા માટે એક હાર્ડ ડિસ્ક હોય છે, તેમ આપણી અંદર 'ચિત્ત' નામની એક હાર્ડ ડિસ્ક છે. ગયા કેટલાય જન્મોમાં આપણે જે કંઈ પણ સારું-નરસું કર્યું છે, જોયું છે કે અનુભવ્યું છે, એ બધું જ આમાં સેવ (Save) થઈ જાય છે.

ઘણીવાર આપણે કોઈ તદ્દન અજાણી જગ્યાએ પહેલીવાર જઈએ છીએ, છતાં અંદરથી એવું લાગે છે કે, હું અહીં પહેલાં પણ આવી ચૂક્યો છું અથવા કોઈ સાવ અજાણી વ્યક્તિ આપણને પહેલી જ મુલાકાતમાં બહુ વહાલી લાગે છે, તેમની સાથે એક પવિત્ર અને નિઃસ્વાર્થ મિત્રતા (સખ્ય ભાવ) બંધાઈ જાય છે. આ બીજું કંઈ નથી, પણ આપણી જૂની હાર્ડ ડિસ્કમાંથી કોઈ ફાઈલ અચાનક 'લોડ' થવાનો સંકેત છે.

સંસ્કાર: મોબાઈલની 'પ્રી-ઈન્સ્ટોલ્ડ એપ્સ'

આપણે જ્યારે નવો મોબાઈલ ખરીદીએ, ત્યારે તેમાં વૉટ્સએપ કે કેમેરા જેવી અમુક એપ્સ પહેલેથી જ ડાઉનલોડ થયેલી આવે છે. બસ, એવી જ રીતે આપણી અંદર પણ અમુક આદતો અને પ્રતિભાઓ પહેલેથી જ ડાઉનલોડ થયેલી હોય છે.



તમે જોયું હશે કે બે સગા ભાઈ-બહેન એક જ ઘરમાં, એક જ મા-બાપ પાસે મોટા થાય છે, છતાં બંનેનો સ્વભાવ સાવ અલગ હોય છે. કોઈ બાળક નાનપણથી જ સુંદર લેખન કરવા લાગે છે, કોઈ રમતગમતના મેદાનમાં મેડલ જીતવા માટે દોડવા લાગે છે, તો કોઈ બાળકના હૃદયમાં મૂંગા પશુ-પક્ષીઓ પ્રત્યે અપાર કરુણા અને 'જીવદયા'નો ભાવ હોય છે. આ બધી પૂર્વજન્મની કમાણી છે, જે આ જન્મમાં આપોઆપ આપણી સાથે આવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે પૂર્વજન્મના સંસ્કારો માણસને આપોઆપ સારા માર્ગે ખેંચી જાય છે.

કર્મનું ગણિત: જેવું ઈનપુટ, એવું આઉટપુટ

કોઈપણ સોફ્ટવેર એક નિયમ પર ચાલે છે કમ્પ્યુટરમાં જેવું ટાઈપ કરશો, સ્ક્રીન પર એવું જ દેખાશે.આપણો કર્મોનો સિદ્ધાંત પણ આવો જ છે.

આપણા શાસ્ત્રો કહે છે કે આપણા કર્મો ત્રણ ભાગમાં વહેંચાયેલા છે

સંચિત કર્મ (મોટું સ્ટોરેજ) આપણા બધા જન્મોના પુણ્ય અને પાપનો આખો હિસાબ.

પ્રારબ્ધ કર્મ (ભાગ્ય) એ મોટા હિસાબમાંથી જેટલો ભાગ આપણને આ જન્મમાં ભોગવવા મળ્યો છે તે. જીવનમાં આવતા સુખ-દુઃખ કે પરિસ્થિતિઓ આ પ્રારબ્ધના કારણે જ સામે આવે છે.

આગામી કર્મ (લાઈવ કોડિંગ) આ સૌથી મહત્વનું છે! આજે વર્તમાનમાં આપણે જે નવા અને સારા કાર્યો કરીએ છીએ, તે આપણું લાઈવ કોડિંગ છે. એનાથી આપણું ભવિષ્ય બદલાય છે. ભલે સોફ્ટવેર (ભાગ્ય) ગયા જન્મનું હોય,

પણ તેને ફરીથી લખવાનું કીબોર્ડ (પુરુષાર્થ) આજે પણ આપડા હાથમાં છે. માણસનું ચરિત્ર (કિરદાર) એવું હોવું જોઈએ કે ગમે તેવી મુશ્કેલી આવે, તોય અંદરનું સોફ્ટવેર ક્યારેય ક્રેશ (Crash) ન થાય.

સોફ્ટવેરને 'અપગ્રેડ' કેવી રીતે કરવું?

આ વિષય સમજવાનો અર્થ એ નથી કે આપણે નસીબના ભરોસે બેસી રહેવું. આ તો આપણને જગાડવા માટે છે નકારાત્મકતાના વાયરસ ડિલીટ કરો ગુસ્સો, ઈર્ષ્યા અને સ્વાર્થ એ વાયરસ જેવા છે જે આપણું જીવન બગાડે છે. સારા વિચારોથી તેને રોજ સાફ કરો.

સત્કર્મનો નવો ડેટા ઉમેરો રોજ કોઈ સારું પુસ્તક વાંચો, કોઈને મદદ કરો અને પશુ-પક્ષીઓ પ્રત્યે દયા રાખવી સત્કર્મ કરવા આ બધું તમારા આત્માના ખાતામાં 'નવા અપડેટ' તરીકે જમા થાય છે.

જીવનમાં ક્યારેય કોઈ મુશ્કેલી કે અન્યાય જેવો માહોલ બને, ત્યારે હિંમત હારવાને બદલે હસતા મુખે એનો સામનો કરો, કારણ કે એ આપણો જ કોઈ જૂનો હિસાબ ચૂકતે થઈ રહ્યો છે.

અંતમાં એટલું જ...

પોશાક બદલાય એમ અહીં માત્ર કાયા બદલાય છે બાકી આત્માનું સોફ્ટવેર તો ભવોભવ સાથે પ્રણાય છે.મૃત્યુ તો માત્ર 'હાર્ડવેર' બદલવાની પ્રક્રિયા છે,બાકી આ આત્મા તો પોતાના સંસ્કારો સાથે જ સફર કરે છે.

આપણે આપણું શરીર બદલી શકીએ છીએ, પણ આત્માનું સોફ્ટવેર હંમેશાં આપણી સાથે પ્રવાસ કરે છે. આવો, આજે જ આપણા સારા વિચારો અને મહેનતના જોરે આ સોફ્ટવેરને એટલું સુંદર બનાવી દઈએ કે આપણું જીવન આખા સમાજ માટે પ્રેરણાનું ઝરણું બની જાય!

**દર્શના પટેલ**

**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# વિકાસ ભી, વિરાસત ભી: શ્રી કૃષ્ણ-રુક્મિણી યાત્રાધામ સજી રહ્યું છે નવા શણગાર, ₹43.72 કરોડના ખર્ચે બીજા તબક્કાના વિકાસકાર્યોનો શરૂ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસr ભી, વિરાસત ભી'ના મંત્રને ચરિતાર્થ કરતા, આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યનું ધાર્મિક પ્રવાસન એક સ્વર્ણિમ યુગ તરફ આગળ વધી રહ્યું છે. 'વિકાસ ભી, વિરાસત ભી'નું જીવંત ઉદાહરણ બની રહ્યું છે પોરબંદર જિલ્લામાં માધવપુર ખાતે આવેલું 'શ્રી કૃષ્ણ-રુક્મિણી યાત્રાધામ', જ્યાં ભગવાન શ્રી કૃષ્ણ અને માતા રુક્મિણીના લગ્ન થયા હતા. આ પ્રાગૈતિહાસિક અને આધ્યાત્મિક સ્થળને હવે વૈશ્વિક ફલક પર ઝગમગતું બનાવવા માટે ગુજરાત સરકાર તથા તેના સાહસ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મહત્વાકાંક્ષી માસ્ટર પ્લાનિંગ પર કાર્ય ચાલી રહ્યં છે.

સંપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત માધવપુર ગામમાં એક-એક કિલોમીટરના વ્યાસમાં આવેલા તમામ પૌરાણિક સ્થળોને એક સુંદર સૂત્રમાં ગૂંથવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં રૂ.૪૭.૯૯ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલ મજબૂત પાયા પર આગળ વધતા બીજા તબક્કાની કામગીરી હાથ ધરવાની તૈયારીઓ કરાઈ રહી છે. પ્રથમ તબક્કામાં શ્રી રુક્મિણી માતાજી મંદિર, લગ્નવેદીની સાક્ષી 'ચોરી માયરા', પવિત્ર બ્રહ્મકુંડ અને ભવ્ય મુખ્ય પ્રવેશદ્વારનું સફળ લોકાર્પણ સ્વયં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી ચૂક્યું છે. હવે બીજા તબક્કાનું કામ સંપૂર્ણ ગતિ સાથે શરૂ થઈ ગયું છે. રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૩.૭૨ કરોડના ખર્ચે બીજા તબક્કાના વિકાસ કાર્યોને ઝડપી ગતિએ આગળ ધપાવવામાં આવી રહ્યા છે. બીજો તબક્કો બે વર્ષની અંદર પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. ભવ્ય કાયાકલ્પ : રૂ.૨૦.૨૫ કરોડથી સજ્જ થશે ઐતિહાસિક માધવરાયજી મંદિરનું સ્વરૂપ બીજા તબક્કાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ ભગવાન માધવરાયજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો છે. રૂ.૨૦૨૫ કરોડના ખર્ચે આ ઐતિહાસિક મંદિરને નવું સ્વરૂપ આપવામાં આવશે. આ કાર્ય પૂર્ણ થતાં અહીં આધ્યાત્મ, ઈતિહાસ અને પ્રાચીન સ્થાપત્યકળાનો અદ્વિતીય સંગમ જોવા મળશે. દરિયા કિનારે પ્રવાસનનો નવો રોમાંચ: ૨૦૦ મીટર લાંબો ભવ્ય બીચ ફ્રન્ટ અને આધુનિક ફૂડ કોર્ટ તૈયાર થશે માધવરાયજી મંદિર પાસે આવેલા દરિયાકિનારાને નવા પ્રવાસન હોટસ્પોટ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. અહીં કુલ ૨૦૦ મીટર લાંબા વિસ્તારમાં બીચ ડેવલપમેન્ટ કરવામાં આવશે. પર્યટકોની મૂળભૂત સુવિધાઓને ધ્યાનમાં રાખીને આધુનિક ફૂડ કિઓસ્ક, હાઈટેક ટોયલેટ્સ અને બેઠકોની અત્યંત સુંદર વ્યવસ્થા (ફૂડ કોર્ટ સિટિંગ) તૈયાર કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓને ટ્રાફિક જામથી મુક્તિ:રૂ ૫.૩૧ કરોડના ખર્ચે બનશે વિશાળ આઉટર પ્લાઝા અને પાર્કિંગ માધવપુર મેળા અને તહેવારો દરમિયાન ઉમટતી ભારે ભીડના સુગમ સંચાલન માટે મંદિર પરિસરના બાહ્ય ભાગનો સુવ્યવસ્થિત વિકાસ કરવામાં આવી રહ્યો છે. રૂ.૫.૩૧ કરોડના ખર્ચે બનનારો આ વિશાળ આઉટર પ્લાઝા અને વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસ શ્રદ્ધાળુઓના અવરજવરને અત્યંત સરળ અને સુરક્ષિત બનાવશે.

પહોળા રસ્તાઓથી સરળ બનશે માર્ગ: કાચબા ઉછેર કેન્દ્રથી મંદિર સુધી બનશે ૯ મીટર પહોળો એપ્રોચ રોડ કનેક્ટિવિટીને નવું વિસ્તરણ આપવા માટે માર્ગ અને મકાન વિભાગના નેતૃત્વમાં મહત્વપૂર્ણ પાયાના કામો શરૂ થયા છે. તેના અંતર્ગત સ્થાનિક કાચબા ઉછેર કેન્દ્રથી સીધા માધવરાયજી મંદિર સુધી પહોંચતા માર્ગને ૯ મીટર સુધી પહોળો કરવામાં આવી રહ્યો છે, જેથી સાંકડા રસ્તાઓની સમસ્યા કાયમ માટે દૂર થઈ જશે. સેલ્ફી પોઈન્ટ્સ અને કલાત્મક મૂર્તિઓ: રૂ.૩.૪૫ કરોડથી 'ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડલી' બનશે રુક્મિણી-કૃષ્ણ ધામ યુવા પેઢી અને આધુનિક પર્યટકોને આકર્ષવા માટે આ ધાર્મિક પરિસરને નવો લુક આપવામાં આવી રહ્યો છે. રૂ.૩.૪૫ કરોડના બજેટથી સમગ્ર વિસ્તારમાં ભવ્ય લેન્ડસ્કેપ, રંગબેરંગી ફાઉન્ટેન, સનાતન સંસ્કૃતિ દર્શાવતી વિવિધ કલાત્મક મૂર્તિઓ (સ્કલ્પચર્સ), સ્પષ્ટ સાઈનબોર્ડ્સ અને આકર્ષક સેલ્ફી પોઈન્ટ્સ બનાવવામાં આવી રહ્યા છે. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર : અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રિકલ, પ્લંબિંગ અને સ્માર્ટ ઈરિગેશન સિસ્ટમથી સજ્જ બનશે સમગ્ર પરિસર પરિસરની સુંદરતામાં કોઈ અવરોધ ન આવે તે માટે તમામ મૂળભૂત લાઈનોને અંડરગ્રાઉન્ડ કરવામાં આવી રહી છે. સમગ્ર પ્રોજેક્ટ વિસ્તારમાં એક્સટર્નલ ઈલેક્ટ્રિકલ, પ્લંબિંગ અને વૃક્ષો-છોડ તથા લેન્ડસ્કેપની હરિયાળી સદાબહાર રહે તે માટે આધુનિક ઈરિગેશન (સિંચાઈ) સિસ્ટમનું નેટવર્ક બિછાવવામાં આવી રહ્યું છે.

**- વિરમભાઈ કે.આગઠ**

# વિકસિત ગુજરાત 2047 વિરૂદ્ધ જળબંબોળ 2026: ભવિષ્યના ગુલાબી સપના વહેંચતી સરકાર વર્તમાનની આફતો સામે ક્યારે જાગશે?

ગુજરાત સરકાર વારંવાર ગર્વભેર 'વિકસિત ગુજરાત ૨૦૪૭'નું વિઝન રજૂ કરે છે. ભવિષ્યના મસમોટા રોડમેપ, ગ્લોબલ પ્રોજેક્ટ્સ અને અબજો રૂપિયાના વિકાસના દાવાઓ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનમાં બહુ આકર્ષક લાગે છે. પરંતુ ૨૦૪૭ તો હજી દાયકાઓ દૂર છે, અત્યારે વર્ષ ૨૦૨૬ની કડવી વાસ્તવિકતામાં જીવતા સામાન્ય કરદાતા નાગરિકોનું શું? શું સરકાર તેમના વિશે કંઈ પણ વિચારે છે કે પછી માત્ર કાગળ પર જ સ્માર્ટ સિટી બને છે?

હજુ તો ચોમાસાની શરૂઆત થઈ છે ત્યાં જ દક્ષિણ ગુજરાતમાં માત્ર એક જ ભારે વરસાદે વિકાસના બુબુશિયા ઓગાળી નાખ્યા છે. સુરત, નવસારી, વલસાડ સહિતના અનેક વિસ્તારોમાં કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ ગણતરીના કલાકોમાં નદી બની ગયા છે. ગરીબો અને મધ્યમ વર્ગના ઘરોમાં કેડ સમાં પાણી ઘૂસી ગયા છે, વેપારીઓની દુકાનોમાં લાખોનો માલસામાન પલળીને બરબાદ થઈ ગયો છે, કિંમતી વાહનો રમકડાની જેમ ડૂબી ગયા છે. એક સામાન્ય માણસ જે આખું વર્ષ લોહી-પાણી એક કરીને કમાય છે, તેની આખી જિંદગીની મૂડી કલાકોમાં ગટરના ગંદા પાણીમાં વહી જાય છે.

જ્યારે દર વર્ષે એક જ જગ્યાએ, એક જ ઋતુમાં, બરાબર એ જ સમસ્યા ઊભી થતી હોય, તો પછી તેને કુદરતી આફત કહીને બચાવ ન કરી શકાય. આ કુદરતી આફત નથી, આ વહીવટી તંત્રની ગુનાહિત બેદરકારી અને આયોજનની ઘોર નિષ્ફળતા છે. ૨૦૭ના વૈશ્વિક સપના બતાવતાં પહેલાં સત્તાધીશોએ ૨૦૨૬ની આ ભયાનક હકીકતનો જવાબ આપવો જ પડશે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા ક્યાં જાય છે? સ્માર્ટ સિટીના નામે થયેલા ભ્રષ્ટાચારના ગાબડાં પહેલા જ વરસાદમાં કેમ ખુલ્લા પડી જાય છે?

યાદ રાખો સાહેબ, વિકાસના લાંબા-લચક ભાષણો આપવાથી રસ્તા પર ભરાયેલા પાણી નથી ઊતરતા. સરકારી અખબારોમાં અપાતી મસમોટી જાહેરાતોથી જમીન પરની ડ્રેનેજ લાઈનો સાફ નથી થતી. ગાંધીનગરમાં બેસીને બનાવાતા વિઝન ડોક્યુમેન્ટથી ગરીબના ઘરમાં ઘૂસેલું પાણી આપોઆપ બહાર નીકળતું નથી. જો કરોડો રૂપિયાના ખર્ચે બનેલા નવા રસ્તાઓ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જતા હોય, મેગા સિટીઝની ડ્રેનેજ સિસ્ટમ તકલાદી સાબિત થતી હોય, તો આની જવાબદારી શાસકો ક્યારે લેશે? શું ૨૦૪૭માં જવાબદારી નક્કી થશે?

સરકાર દાવો કરે છે કે આપણે ૨૦૪૭માં વિશ્વસ્તરીય રાજ્ય બનવાના છીએ. પરંતુ આજની કડવી વાસ્તવિકતા એ છે કે ૨૦૨૬માં ગુજરાતનો સામાન્ય માણસ પોતાના નાના બાળકો, બીમાર વૃદ્ધો અને ઘરનો કિંમતી સામાન બચાવવા માટે રસ્તા પર લાચાર બનીને સંઘર્ષ કરી રહ્યો છે. સોશિયલ મીડિયા પર એવા દ્રશ્યો પણ વાયરલ થાય છે જ્યાં લોકોને અંતિમયાત્રા પણ ઘૂંટણસમા પાણીમાંથી પસાર કરવી પડે છે. શું આને વિકસિત રાજ્યની ઓળખ કહી શકાય? મરણ પછી પણ જો ગરિમા ન મળતી હોય તો એવા ડિજિટલ વિકાસનું સામાન્ય માણસ શું કરે?

૨૦૪૭નું સ્વપ્ન પ્રજાને ત્યારે જ સાચું અને વિશ્વસનીય લાગશે, જ્યારે ૨૦૨૬માં નાગરિકને ગટરોના પાણીથી મુક્ત અને સુરક્ષિત જીવન મળશે. પ્રજાને ભવિષ્યના પોકળ વચનો નહીં, વર્તમાનમાં નજરે દેખાતા પરિણામો જોઈએ છે. જનતાને વાહવાહી ખાટતી જાહેરાતો નહીં, પણ પાણીનો નિકાલ કરી શકે તેવી કાર્યક્ષમ ડ્રેનેજ લાઈનો જોઈએ છે. પ્રજાને દર વર્ષે અપાતા નવા-નવા સૂત્રો નહીં, પણ વરસાદમાં મગરની પીઠ જેવા ન બની જાય તેવા મજબૂત રસ્તાઓ જોઈએ છે. પ્રજાને માત્ર પોકળ દાવાઓ નહીં, પણ જવાબદારી સ્વીકારતું તંત્ર જોઈએ છે.

સરકારને પાક્કો ગુજરાત ન્યૂઝ પંચ લાઈન સાથે સીધો સવાલ પૂછે છે કે, ૨૦૪૭માં સુપરપાવર બનવાના સપના બતાવવાનું બંધ કરો અને પહેલા ૨૦૨૬માં જીવતા જાગતા ટેક્સ ભરતા નાગરિકને પોતાના ઘરમાં, પોતાના શહેરમાં અને પોતાના રસ્તા પર સુરક્ષિત કરો. ભવિષ્યના આયોજનો કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ જે લોકો અત્યારે નજર સામે પોતાની મહેનતની કમાણી પાણીમાં વહી જતી જોઈને રડી રહ્યા છે, તેમને આજે જ જવાબ જોઈએ છે. પ્રજાને હાઈટેક રોડમેપ કરતાં વધુ સુરક્ષિત રસ્તાઓ, ભ્રષ્ટાચાર મુક્ત ડ્રેનેજ વ્યવસ્થા અને આપત્તિના સમયે કેમેરાની ચમક વિનાની ત્વરિત ગ્રાઉન્ડ લેવલની સહાયની જરૂર છે. વહીવટી તંત્ર હવે તો જાગે!



# ટ્રમ્પના વિશ્વાસુની કંપનીને ભારત દર મહિને આપશે 1.50 લાખ ડોલર

## વૉશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસે 24 એપ્રિલે 2027 સુધીનો કરાર કર્યો

વૉશિંગ્ટન

પહલગામ આતંકી હુમલા બાદ જ્યારે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતને પોતાનો પક્ષ મજબૂતીથી રજૂ કરવાની જરૂર હતી, ત્યારે ભારતે અમેરિકાની એક શક્તિશાળી લોબિંગ ફર્મને હાયર કરી હતી. હવે ભારતે આ અમેરિકન લોબિંગ ફર્મ સાથેનો પોતાનો કોન્ટ્રેક્ટ વધુ એક વર્ષ માટે રિન્યૂ કર્યો છે. આ લોબિંગ ફર્મ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખૂબ જ નજીકના સાથીદારની છે. અમેરિકાના 'ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ' (FARA) હેઠળ જાહેર કરાયેલી માહિતી અનુસાર, ભારતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પૂર્વ ટોપ કેમ્પેઈન પ્રવક્તા, અને લાંબા સમય સુધી કમ્યુનિકેશન એડવાઈઝર રહેલા જેસન મિલરની કંપની 'SHW પાર્ટનર્સ LLC' સાથે લોબિંગનો કોન્ટ્રેક્ટ લંબાવ્યો છે. વૉશિંગ્ટન સ્થિત ભારતીય દૂતાવાસ અને મિલરની કંપની વચ્ચે,



આ નવો કોન્ટ્રેક્ટ આ વર્ષે 24 એપ્રિલના રોજ સાઈન કરવામાં આવ્યો હતો, જે 23 એપ્રિલ, 2027 સુધી ચાલશે. આ લોબિંગ ફર્મને ભારત દર મહિને 1,50,000 અમેરિકન ડોલરની ફી ચૂકવશે. આ હિસાબે આ ફર્મની સેવાઓ લેવા માટે ભારતને વાર્ષિક 1.8 મિલિયન અમેરિકન ડોલરનો ખર્ચ થશે. ઉલ્લેખનીય છે કે, મિલરની કંપનીને ભારતીય દૂતાવાસે ગયા વર્ષે 22 એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના થોડા દિવસો બાદ જ હાયર કરી હતી. ભારત સરકારને આપે છે વ્યૂહાત્મક સલાહ આ લોબિંગ ફર્મ ભારત સરકારને વ્યૂહાત્મક સલાહ (સ્ટ્રેટેજિક એડવાઈસ), ટેક્ટિકલ પ્લાનિંગ અને મહત્વના આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર માર્ગદર્શન પૂરું પાડે છે. આ સાથે જ અમેરિકન સરકાર સામે ભારત સરકારનો પક્ષ અસરકારક રીતે રજૂ કરવામાં પણ મદદ કરે છે. સમીક્ષા પરથી જાણવા મળ્યું છે કે, આ વર્ષે 25 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી વચ્ચે જેસન મિલર અને ટ્રમ્પ પ્રશાસનના ટોચના અધિકારીઓ વચ્ચે આશરે 1 ડઝન જેટલા ફોન કોલ્સ પર વાતચીત થઈ હતી. આ અધિકારીઓમાં US ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીર, ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ, કોમર્સ સેક્રેટરી હોવર્ડ લટનિક અને ટ્રમ્પના ચીફ ઓફ સ્ટાફ સુસી વાઈલ્સ સામેલ હતા. ભારત-અમેરિકાની વ્યાપારિક રૂપરેખા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત બાદ, ભારત અને અમેરિકાએ 2 ફેબ્રુઆરીએ એક વચગાળાના દ્વિપક્ષીય વ્યાપાર કરાર માટેની રૂપરેખા જાહેર કરી હતી.

નવેમ્બર 2025 અને આ વર્ષના એપ્રિલ મહિના વચ્ચે ભારત તરફથી થયેલી વાટાઘાટો દર્શાવે છે કે, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પરના પ્રતિબંધોમાં છૂટછાટ મેળવવાના મામલે ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે નિયમિત ફોન પર ચર્ચા કરવામાં આવી હતી. અમેરિકામાં લોબિંગ કરવું સંપૂર્ણપણે કાયદેસર છે, પરંતુ તેના નિયમો મુજબ તમામ એજન્ટોએ 'ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ' હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત છે. SHW પાર્ટનર્સ LLC કંપની કોર્પોરેટ્સ, સંસ્થાઓ અને વિદેશી સરકારોને અમેરિકન પ્રશાસન, કોંગ્રેસ અને નીતિ-નિર્માતાઓ સુધી પોતાનો અવાજ પહોંચાડવામાં મદદરૂપ બને છે.


જાહેરાત માટે

ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર

આપવા માટે સંપર્ક કરો

ટચુકડી જાહેરાત – વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત

શ્રદ્ધાંજલિ – જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ

PRESS NOTE

પ્રેસનોટ – સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી

સમાચાર

સમાચાર – સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર

કોન્ટેક્ટ નંબર 96388 77700

ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન

વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ

વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે

આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

તમારી માહિતી, લોકો સુધી પહોંચાડવાની અમારી જવાબદારી...

પાક્કો ગુજરાત
ગુરુવાર | 09 જુલાઈ 2026 | અમદાવાદ

### અમદાવાદ સહિત દેશભરના ફાર્મા સેક્ટરમાં મોટી અસર થશે

# દવા વેચાણ અને તેની કિંમતનો રેકોર્ડ હવે 7 વર્ષ સુધી સાચવવો ફરજિયાત, કેન્દ્ર સરકારનો આદેશ



ગાંધીનગર

કેન્દ્ર સરકારે જૂન 2026થી દવાની કિંમતોના નિયમનમાં સુધારા અમલમાં મૂક્યા છે. અમદાવાદ સહિત દેશભરના ફાર્મા સેક્ટરમાં આ ફેરફારોની મોટી અસર થશે. દવા બનાવતી કંપનીઓ, ડિસ્ટ્રિબ્યુટર્સ, કેમિસ્ટ અને ગ્રાહકોને સીધી અસર થશે. ઓવરચાર્જિંગ બદલ દંડની જોગવાઈ કરાઈ છે, જ્યારે કંપનીઓને ભાવ નિર્ધારણમાં રાહત પણ મળશે. રેકોર્ડ જાળવણી અને કમ્પ્લાયન્સનો બોજ વધશે.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સે જૂન 2026 ના અંતથી દવાની કિંમતોના નિયમન સંબંધિત કાયદામાં મહત્વના સુધારા અમલમાં મૂકવામાં આવ્યા છે. દવાની અલગ મહત્તમ કિંમત નક્કી કરવા અને ઓવરચાર્જિંગ (વધુ કિંમત વસૂલવા) ના કિસ્સામાં દંડનીય જવાબદારી નક્કી કરતા આ સુધારાથી સમગ્ર ફાર્મા સેક્ટરના સમીકરણો બદલાશે. આ ફેરફારો દવા બનાવતી

■ **સરકારે પેરાગ્રાફ 11(3) માં સુધારો કરીને માત્ર ઈન્જેક્શન કે ઈનહેલેશનના મર્યાદિત નામો હટાવી દીધા**

કંપનીઓ, ડિસ્ટ્રિબ્યુટર્સ, કેમિસ્ટ (મેડિકલ સ્ટોર્સ) અને અંતિમ ગ્રાહકો પર સીધી અસર કરશે.

એક, નવા સુધારા મુજબ હવે દવા ઉત્પાદકોએ ફોર્મ્યુલેશન યુનિટ્સ, પેક્સ તેમજ દરેક સક્રિય ફાર્માસ્યુટિકલ સામગ્રી અથવા બલ્ક ડ્રગ્સ (ભલે તે ઉત્પાદિત હોય કે આયાત કરેલી હોય) ના વેચાણના તમામ દસ્તાવેજો ઓછામાં ઓછા 7 નાણાકીય વર્ષ સુધી સુરક્ષિત અને વ્યવસ્થિત રાખવા પડશે. વળી, જો કંપની સામે કોઈ કાનૂની કાર્યવાહી પેન્ડિંગ હશે, તો કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આ રેકોર્ડ સાચવવો પડશે. આ સુધારાથી ફાર્મા કંપનીઓ પર કમ્પ્લાયન્સ અને ઓડિટનું વહીવટી ભારણ ઘણું વધી જશે, કારણ કે સહેજ પણ બેદરકારી બદલ કાનૂની જોગવાઈઓનો સામનો કરવો પડી શકે છે.

સરકારે પેરાગ્રાફ 11(3) માં સુધારો કરીને માત્ર ઈન્જેક્શન કે ઈનહેલેશનના મર્યાદિત નામો હટાવી દીધા છે. હવે લિક્વિડ, ગેસ કે અન્ય કોઈ પણ સ્વરૂપની દવા હોય, જો કંપની તેના પેકેજિંગના પ્રકાર, પેકના કદ, દર્દીઓ માટે ડોઝની સરળતા કે થેરાપ્યુટિક રેશનલ (ચોક્કસ તબીબી તર્ક) ના આધારે અલગ કિંમત ઈચ્છે, તો સરકાર સમક્ષ અરજી કરી શકે છે. ઈન્ડિયન ફાર્માકોપિયાના ધોરણોને આધીન રહીને સરકાર આવી દવાઓ માટે અલગ મહત્તમ કે રિટેલ કિંમત નક્કી કરી આપશે. આ સુધારાથી નવીનતમ અને ગ્રાહક-લક્ષી પેકેજિંગ બનાવતી કંપનીઓને પોતાના ઉત્પાદનનું વ્યાજબી મૂલ્ય મેળવવાની તક મળશે.

### નવી સમિતિઓની રચના સહિત વિકાસ અને જનસુખાકારીના મુદ્દાઓ પર ચર્ચા

# ઝાલોદ તાલુકા પંચાયતની સામાન્ય બેઠક મહા મંડલેશ્વર મંદિર ચિત્રોડિયા ખાતે યોજાઈ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકા પંચાયતની સામાન્ય સભાની બેઠક બુધવારે મહા મંડલેશ્વર મંદિર, ચિત્રોડિયા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ કટારાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં તાલુકા પંચાયતના ચૂંટાયેલા તમામ 20 સભ્યો હાજર રહ્યા હતા.

બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી નાનજીભાઈ રાઠવા, ઉપપ્રમુખ તેજલબેન ભાભોર, તાલુકા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત ઝાલોદ તાલુકા સંકલન સાથે જોડાયેલા વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆત ગત તા. 25/05/2026ના રોજ યોજાયેલી પ્રથમ બેઠકની કાર્યવાહી વાંચીને બહાલી આપવાથી કરવામાં આવી હતી. ત્યારબાદ તાલુકા પંચાયતની નવી



સમિતિઓની રચના અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કારોબારી સમિતિ તથા સામાજિક ન્યાય સમિતિની રચના માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

બેઠક દરમિયાન તાલુકા પંચાયતના કાર્યક્ષેત્રમાં આવતી કુદરતી આફતો અને આકસ્મિક પરિસ્થિતિઓમાં અસરગ્રસ્તોને સમયમર્યાદામાં સહાય મળી રહે તે માટે આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમજ તાલુકા પંચાયત કચેરીના વહીવટી ખર્ચને મંજૂરી આપવા અને કચેરીના કામકાજને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે કોમ્પ્યુટર ઓપરેટર, પ્યૂન (સેવક) સહિતના સ્ટાફની આઉટસોર્સિંગથી નિમણૂક કરવા તેમજ પગારધોરણ નક્કી કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને બેઠક દરમિયાન તાલુકાના ચૂંટાયેલા સભ્યો પાસેથી પોતાના વિસ્તારના વિકાસલક્ષી કાર્યો, પ્રાથમિક સુવિધાઓ અને જનસુખાકારી સંબંધિત પ્રશ્નો અંગે સૂચનો અને રજૂઆતો મેળવવામાં આવી હતી. સભ્યોએ રસ્તા, પીવાનું પાણી, સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય સહિતના વિવિધ મુદ્દાઓ અંગે પોતાના સૂચનો રજૂ કર્યા હતા. આ સૂચનો પર સભામાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ આગામી સમયમાં જરૂરી આયોજન અને કામગીરી કરવા અંગે વિચારણા કરવામાં આવી હતી. બેઠકના અંતે પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલા અન્ય મુદ્દાઓ પર પણ સભ્યોએ ચર્ચા કરી જરૂરી સૂચનો આપ્યા હતા.

# દારૂના કેસની પતાવટના બહાને રૂપિયા 50,000ની લાંચ લેતા આંકલી ગામના સરપંચ રંગેહાથ ઝડપાયા!

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાંથી લાંચ-રુશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા ભ્રષ્ટાચારીઓ સામે વધુ એક સપાટો બોલાવવામાં આવ્યો છે. આંકલી ગામના સરપંચને એક દારૂના કેસની પતાવટના બહાને ૫૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા એસીબીની ટીમે રંગેહાથ દબોચી લેતા સમગ્ર પંથકના ભ્રષ્ટ બાબુઓ અને નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાની વિગત એવી છે કે, આંકલી ગામમાંથી આશરે ૧૫ દિવસ પહેલા વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. આ મામલે ગામના સરપંચે પોતાની સત્તાનો દુરુપયોગ કરીને વચેટીયાની ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું હતું. સરપંચે ફરિયાદીને ધમકાવતા શૈલીમાં જણાવ્યું હતું કે, 'તારા ખેતરમાંથી વિદેશી દારૂ ઝડપાયેલ છે, જો આ કેસની પતાવટ



કરવી હોય અને કાયદાકીય કનડગતમાંથી બચવું હોય તો નાણાં ચૂકવવા પડશે.' સરપંચે આ કથિત પતાવટના નામે ફરિયાદી પાસે ૫૦,૦૦૦ રૂપિયાની મસમોટી લાંચની માંગણી કરી હતી.

જોકે, ફરિયાદી આ ભ્રષ્ટાચારી સરપંચ સામે ઝૂકવા માંગતા નહોતા. તેમણે તાત્કાલિક લાંચ-રુશ્વત વિરોધી ખાતા (ACB) નો સંપર્ક કરીને આ અંગેની સત્તાવાર ફરિયાદ નોંધાવી દીધી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે આયોજનબદ્ધ રીતે છટકું ગોઠવ્યું હતું.

જ્યારે સરપંચ ફરિયાદી પાસેથી પતાવટના ૫૦,૦૦૦ રૂપિયાની લાંચ સ્વીકારી રહ્યા હતા, બરાબર તે જ સમયે એસીબીની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. એસીબીએ લાંચની રકમ રિકવર કરી સરપંચ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### 3 વર્ષથી ગંદકી અને એંઠવાડ વચ્ચે સડતા ગ્રામજનો!

# કરોડોના ધુમાડા પછી પણ રાજલી ગામ બન્યું 'નરકાગાર'



રાજલી

સરકાર એકતરફ સ્વચ્છ ભારત મિશન પાછળ કરોડો રૂપિયાની ગ્રાન્ટો વાપરીને કાગળ પર ડિજિટલ અને ક્લીન વિલેજના બણગા ફૂંકી રહી છે, ત્યારે બીજી તરફ ડભોઈ તાલુકાના રાજલી ગામે સ્થાનિક તંત્રની ઘોર બેદરકારી, આળસ અને નફ્ફટાઈનો એવો વરવો નમૂનો સામે આવ્યો છે જે જોઈને લોહી ઉકળી ઉઠે. રાજલી ગામના રહીશો છેલ્લા ત્રણ-ત્રણ વર્ષથી નરક જેવી જિંદગી જીવવા મજબૂર બન્યા છે. ગામના ચોક્કસ વિસ્તારમાં લોકોના ઘરની બિલકુલ અડીને આખા ગામનો કચરો, એંઠવાડ અને પશુઓનું છાણ જાહેરમાં ફેંકવામાં આવી રહ્યું છે. એટલું ઓછું હોય તેમ, ગટરના ઉભરાતા ગંદા પાણી પણ આ જ કચરાના ઢગલામાં છોડવામાં આવતા આખો રહેણાંક વિસ્તાર મચ્છરો અને ઝેરી જીવજંતુઓનું હોટસ્પોટ બની ગયો છે. 'પાક્કો ગુજરાત' આજે આ ઊંઘતા વહીવટી તંત્રના કાન ખોલવા ગ્રાઉન્ડ રિપોર્ટ રજૂ કરી રહ્યું છે.

સ્થાનિક પીડિત રહીશોના આક્રોશનો જ્વાળામુખી હવે ફાટ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ માથું ફાડી નાખે તેવી દુર્ગંધ અને નરક જેવા વાતાવરણમાંથી મુક્તિ મેળવવા માટે તેઓ છેલ્લા ૩ વર્ષથી સતત ઓફિસોના ધક્કા ખાઈ રહ્યા છે. ગામના સરપંચ અને તલાટી-કમ-મંત્રીને રૂબરૂ મળીને મૌખિક તેમજ લેખિતમાં અસંખ્ય વાર રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં, એસી ચેમ્બરો અને સત્તાના નશામાં મસ્ત બનેલા સ્થાનિક વહીવટી તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. જનતાના ટેક્સના પૈસે પગાર લેતા બાબુઓ ગામડાની ગરીબ જનતાને કીડા-મકોડા સમજી રહ્યા હોય તેવું વર્તન આચરી રહ્યા છે.

આ ગંદકીના સામ્રાજ્યને કારણે વિસ્તારમાં ઝેરી મચ્છરો અને જીવજંતુઓનો આતંક એટલો વધી ગયો છે કે ઘરોમાં રહેવું મુશ્કેલ બન્યું છે. સ્થાનિક લોકોના ઘરોમાં નાના-નાના માસૂમ બાળકો છે, જેઓ ચોવીસે કલાક આ પ્રદૂષિત અને ઝેરી વાતાવરણમાં શ્વાસ લેવા મજબૂર બન્યા છે. ગામલોકોનો સળગતો સવાલ છે કે જો આગામી દિવસોમાં અહીં કોઈ ભયંકર રોગચાળો ફાટી નીકળશે અને કોઈ માસૂમનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ? એ આળસુ સરપંચ, નફ્ફટ તલાટી કે પછી એસી કેબિનમાં બેસતું ડભોઈનું તાલુકા પ્રશાસન?

### આવતીકાલથી ગુજરાતના 23 જિલ્લામાં પાર્ટ-3 મહાઆંદોલનનો સળગશે વડવાનલ!

# જેતપરમાં પારણાં સાથે ખેડૂત આંદોલન પાર્ટ-2 પૂર્ણ : 'નવો પરિપત્ર ખેડૂત નહીં, કંપનીના હિતમાં છે!' – અન્નદાતાનો હૂંકાર

જેતપર

રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર એમ સમજતું હોય કે કાગળ પર નવો પરિપત્ર જાહેર કરીને ખેડૂતોના આક્રોશને શાંત પાડી દેવાશે, તો તંત્ર કાન ખોલીને સાંભળી લે કે ધરતીપુત્રો હવે આરપારની લડાઈના મૂડમાં છે. જેતપરની ધરતી પર પારણાં સાથે ચાલી રહેલું ખેડૂત આંદોલન પાર્ટ-૨ ભલે પૂર્ણ જાહેર થયું હોય, પરંતુ આ કોઈ વિરામ નથી, આ તો એક મહાતોફાન પહેલાની શાંતિ છે! ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં આક્રોશ ઠાલવતા વહીવટી તંત્ર અને સરકારની પોલ ખોલી નાખી છે કે સરકારનો આ નવો પરિપત્ર ખેડૂતોના હિતમાં નહીં, પણ મોટી-મોટી મૂડીવાદી કંપનીઓની તિજોરીઓ ભરવા માટે ઈશ્યૂ કરાયો છે. આ છેતરપિંડી સામે હવે આખું ગુજરાત સળગવા જઈ રહ્યું છે.

પોતાના હક અને અધિકાર માટે લાંબા સમયથી લડી રહેલા ખેડૂતોએ જેતપર ખાતે પારણાં કરીને આંદોલનનો બીજો તબક્કો પૂરો કર્યો છે. પરંતુ, સરકારની દાનત સાફ ન હોવાના કારણે ખેડૂતોમાં ફેલાયેલો રોષ બમણો થઈ ગયો છે. ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે શાસકો રાત-દિવસ મહેનત કરતા અન્નદાતાના ભોગે ખાનગી કંપનીઓને ફાયદો કરાવવા માટે આખી મશીનરી દોડાવી રહ્યા છે. સરકારની આ જોહુકમી અને ઉદ્યોગપતિઓ પ્રત્યેનો પ્રેમ હવે ખેડૂતો સહન કરવાના મૂડમાં નથી.

જેતપરની આ લડાઈ હવે માત્ર સ્થાનિક નથી રહી, આ આંદોલન હવે આખા ગુજરાતના ખેડૂતોની અસ્મિતાનો સવાલ બની ગયું છે. ખેડૂત સંગઠનોએ સિંહ ગર્જના કરતા જાહેરાત કરી દીધી છે કે આવતીકાલથી ગુજરાતના એક-બે નહીં, પરંતુ પૂરા ૨૩ જિલ્લાઓમાં 'ખેડૂત આંદોલન પાર્ટ-૩' શરૂ થવા જઈ રહ્યું છે. ૨૩ જિલ્લાના લાખો ખેડૂતો એકસાથે રસ્તા પર ઉતરીને સરકારની ઊંઘ હરામ કરી દેશે. આ પાર્ટ-૩ આંદોલન એટલું ઘાતક અને જોરદાર હશે કે ગાંધીનગરના સત્તાધીશોને નમવું જ પડશે.

'પાક્કો ગુજરાત' ના સળગતા સવાલો:

સરકારના પરિપત્રો હંમેશા ખેડૂતોને રડાવનારા અને કંપનીઓને હસાવનારા કેમ હોય છે?

૨૩ જિલ્લાના ખેડૂતો રસ્તા પર ઉતરવા મજબૂર બન્યા છે, છતાં કૃષિ મંત્રી અને તંત્ર કેમ કુંભકર્ણની નિદ્રામાં છે?

શું સરકાર ખેડૂતોની ધીરજની પરીક્ષા લઈ રહી છે? જો આ આંદોલનને કારણે રાજ્યમાં અરાજકતા સર્જાશે તો તેનો જવાબદાર કોણ?

અન્નદાતા ઝૂકશે નહીં, આ લડાઈ વ્યવસ્થા પરિવર્તનની છે!

### રાણપુર તાલુકાના હડમતાળા ગામે

# જૂની અદાવતનું સમાધાન કરવા મામલે જૂથનો શસ્ત્રોથી યુવક પર હુમલો

■ **મામા-ભાણેજ સહિત 12 શખ્સો સામે ગુનાહિત કાવતરું રચી ફરસી, તલવાર અને લાકડીઓ વડે હુમલો કર્યાની રાણપુર પોલીસમાં ફરીયાદ નોંધાઈ**

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના હડમતાળા ગામે જૂની ગામે જૂતી અદાવતના સમાધાન મામલે ઉશ્કેરાયેલી એક ટોળકીએ એક યુવક પર જીવલેણ હુમલો કર્યો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત યુવાનને ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.આ બનાવ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર રાણપુર તાલુકાના હડમતાળા ગામે રહેતા નિલેશભાઈ હરજીભાઈ મેટાળીયા (ઉ.વ.30) આશરે આઠ મહિના પહેલા નિલેશભાઈના મોટાભાઈ અજીતભાઈને રમેશચંદ્ર ચતુરભાઈ મેણિયા (રહે. વસ્તડી, સુરેન્દ્રનગર) સાથે ઝઘડો થયો હતો. આ બાબતનું સમાધાન કરવા જતાં રમેશચંદ્રને સારું લાગ્યું ન હતું. ગઈકાલે સાંજે રમેશચંદ્ર અને અન્ય બે અજાણ્યા ઈસમો નિલેશભાઈના ઘરે આવ્યા હતા અને નિલેશભાઈની પત્ની સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી હતી. જે અંગે પોલીસને જાણ કરાતાં પોલીસ રમેશચંદ્રને પકડી ગઈ હતી.

આ બનાવની રીસ રાખીને રમેશચંદ્રના મામા હરજીભાઈ વજુભાઈ કોઠારીયા, રમેશચંદ્ર ચતુરભાઈ મેણીયા, 2 અજાણ્યા શખ્સ, વજુભાઈ લખમણભાઈ કોઠારીયા, ધીરુભાઈ વશરામભાઈ કોઠારીયા, જગાભાઈ હરજીભાઈ કોઠારીયા, હાર્દિક હરજીભાઈ કોઠારીયા, મશરૂભાઈ લખમણભાઈ કોઠારીયા,અનાભાઈ ધીરુભાઈ કોઠારીયા,યોગેશભાઈ સનાભાઈ કોઠારીયા, મુન્નાભાઈ છનાભાઈએ ગુનાહિત કાવતરું રચ્યું હતું.નિલેશભાઈ જ્યારે ગામમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગેરકાયદેસર મંડળી રચીને તમામ શખ્સો ફરસી, તલવાર, લોખંડની પાઈપ અને લાકડીઓ જેવા ઘાતક હથિયારો સાથે ધસી આવ્યા હતા અને નિલેશભાઈ પર ઘાતક હુમલા ઈજાઓ પહોંચાડી હતી. અન્ય શખ્સો નિલેશભાઈને ઢીકાપાટુંનો ગંભીર માર માર્યો હતો.

### 'શ્રી સેવા પરિવાર' દ્વારા સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન

# 500થી વધુ સભ્યોની ઉપસ્થિતિમાં સેવાભાવી મહાનુભવોનું કરાયું સન્માન

## કોઈપણ જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારોને નિસ્વાર્થ ભાવે મદદ કરવાનો મુખ્ય હેતુ; સેવાની પ્રવૃત્તિઓમાં આજની યુવા પેઢી અને બાળકો જોડાતા ગૌરવની લાગણી વ્યાપી

સુરત/અમદાવાદ

સમાજમાં નિસ્વાર્થ ભાવે સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા અગ્રેસર સંગઠન 'શ્રી સેવા પરિવાર' દ્વારા વર્ષ ૨૦૨૬ના સ્નેહમિલન કાર્યક્રમનું ખૂબ જ સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમની અંદર દરેક સમાજના અગ્રણીઓ અને સેવાભાવી મહાનુભવોએ ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગે શ્રી સેવા પરિવારના સહ-પરિવાર સાથે અંદાજે ૫૦૦થી પણ વધારે સભ્યો એકસાથે જોડાયા હતા અને કાર્યક્રમ બાદ સૌએ સાથે મળીને ભોજન લીધું હતું.

શ્રી સેવા પરિવારનો મુખ્ય હેતુ સપ્તાહમાં એક વખત કોઈપણ જ્ઞાતિના ભેદભાવ વગર, માત્ર અને માત્ર જરૂરિયાતમંદ પરિવારોને નિસ્વાર્થ ભાવે મદદ પહોંચાડવાનો છે. આ ટીમની સૌથી




મોટી ખાસિયત એ છે કે તેઓ મદદ કરતા પહેલા પીડિત પરિવારની ખૂબ જ પારદર્શક રીતે ચકાસણી કરે છે, જેથી કરીને સમાજના દાનનો એક-એક રૂપિયો સાચા અને યોગ્ય વ્યક્તિ સુધી જ પહોંચે.

આ પ્રસંગે હાજર રહેલા અગ્રણીઓએ જણાવ્યું કે, રાજેશભાઈ વઘાસીયાના માધ્યમથી આ સેવાભાવી પરિવાર સાથે જોડાવાનો એક ઉત્તમ મોકો મળ્યો છે. કાર્યક્રમ દરમિયાન શ્રી સેવા પરિવાર દ્વારા સમાજના વિવિધ સામાજિક અને સેવાભાવી લોકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહના સહભાગી બનવાનું સદભાગ્ય પ્રાપ્ત થવા બદલ મહાનુભવોએ શ્રી સેવા પરિવારની આખી ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ આખા આયોજનમાં સૌથી વધુ આકર્ષક અને આનંદની વાત એ જોવા મળી હતી કે, શ્રી સેવા પરિવારની અંદર આજની આધુનિક યુવા પેઢી અને નાના-નાના બાળકો પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયેલા છે.

# રોકાણકારોને માસિક 20% વળતરની લાલચ આપી 1 કરોડથી વધુનો ચૂનો લગાવનાર મુખ્ય આરોપી ગણતરીના કલાકોમાં ઝબ્બે

ભાવનગર

શેરબજારમાં રોકાણના નામે ઊંચા વળતરની લાલચ આપી નિર્દોષ નાગરિકોના પરસેવાના નાણાં ઓળવી જતી ઠગ ટોળકીઓ સામે ભાવનગર પોલીસે લાલ આંખ કરી છે. માસિક ૨૦ ટકા જેટલા મસમોટા વળતરની લોભામણી સ્કીમો બતાવી રોકાણકારો પાસેથી રૂ.૧,૦૩,૧૪,૫૦૦/- (એક કરોડ ત્રણ લાખથી વધુ) ની રકમ પડાવી લઈ વિશ્વાસઘાત કરનાર ટોળકીના મુખ્ય સૂત્રધારને ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી રાજેન્દ્ર વી. અસારી અને પોલીસ અધિક્ષક શ્રી નિતેશ પાંડેયની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ LCB પી.આઈ. શ્રી મયુરધ્વજસિંહ એમ. સરવૈયા તથા પી.એસ.આઈ. શ્રી આર.એ. વાઢેર, શ્રી વી.સી. જાડેજા, શ્રી પી.ડી. ઝાલા સહિતના સ્ટાફે આ ઓપરેશન પાર




પાડ્યું હતું. ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન હેઠળના ફરિયાદકા ગામે રહેતા બે શખ્સોએ લોકોને રોકાણ સામે દર મહિને ૨૦% પાકા વળતરનું વચન આપી કરોડો રૂપિયા ઉઘરાવ્યા હતા. વચન પ્રમાણે વળતર કે મુદ્દલ પરત ન મળતા રોકાણકારોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. જેના આધારે વરતેજ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS) ની કલમ ૩૧૬(૫), ૩૧૬(૨), ૩(૫), ૬૧(૨) તથા ગુજરાત થાપણદારોના હિતોનું રક્ષણ (નાણાંકીય સંસ્થાઓમાં) અધિનિયમ-૨૦૦૩ની કલમ-૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### આગામી રથયાત્રા નિમિત્તે

# ગઢડામાં જિલ્લા પોલીસ વડાની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## SP ધર્મેન્દ્ર શર્મા, DYSP મહર્ષિ રાવળ,PI કે.એન.ચોપરા તેમજ રથયાત્રા સમિતિના આયોજકો, હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા, આ પ્રસંગે ગઢડા BAPS મંદીરના સંતોએ SP,DYSP નું સન્માન કર્યુ હતુ

બોટાદ, વિપુલ લુહાર

બોટાદો જિલ્લાના ગઢડા શહેરમાં આગામી ભગવાન જગન્નાથજીની 33મી રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં કોમીએકતા અને ભાઈચારા સાથે યોજાઇ તે માટે જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની હાજરીમાં BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ.જેમાં રથયાત્રા સમિતિના આયોજકો, સાધુ-સંતો તેમજ હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

ગઢડામાં આગામી 33મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાના આયોજન સંદર્ભે બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા,DYSP મહર્ષિ રાવલ,PI કે.એન. ચોપરા,PSI હેરમા,કંડોળીયા ની ઉપસ્થિતિમાં રથયાત્રા સમિતિ અને શાંતિ



સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રથયાત્રાના સુચારૂ આયોજન, સુરક્ષા વ્યવસ્થા અને ટ્રાફિક નિયંત્રણ જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

શાંતિ સમિતિની બેઠક દરમિયાન નાગરિકોએ શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને રખડતા ઢોરના ત્રાસ અંગે રજૂઆત કરી હતી. રથયાત્રાના રૂટ, જોડાનારા વાહનો અને શ્રદ્ધાળુઓની સંખ્યા તેમજ સમગ્ર આયોજન અંગે રથયાત્રા સમિતિ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવેલ. પોલીસ તંત્ર દ્વારા રથયાત્રાના રૂટ પર આવેલા જર્જરિત મકાનો, વીજતારો અને અન્ય સંભવિત જોખમોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ અંગે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી.આ બેઠકમાં ગઢડા રથયાત્રા સમિતિના સભ્યો, રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

બેઠકના અંતે, ઉપસ્થિત નાગરિકોએ પોલીસ તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી અને 33 મી ભગવાન જગન્નાથજી રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



### અભિનેત્રી ફિલ્મોને કારણે થતી ચર્ચા કરતા એના આઉટફિટને કારણે વધારે ચર્ચામાં રહે છે

# ઈશા ગુપ્તાએ ઓફ-શોલ્ડર ગાઉનમાં બોલ્ડનેસની હદપાર કરી, સોશિયલ મીડિયાનો પાર ચઢાવ્યો

મુંબઈ

બોલિવૂડમાં ઘણી એક્ટ્રેસ એવી છે જે ફિલ્મોને કારણે થતી ચર્ચા કરતા એના આઉટફિટને કારણે વધારે ચર્ચામાં રહે છે. એ પછી મલાઈકા અરોરા હોય, જાહ્નવી કપૂર હોય કે પછી ઈશા ગુપ્તા. ફેશનસેન્સ અને આઉટફિટના મામલે આ ત્રણેય એક્ટ્રેસ એકબીજાને ટક્કર મારે એમ છે. ઈશા ગુપ્તા ફરી એકવાર પોતાના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં છે, આ વખતે તેણે જે આઉટફિટ પહેર્યા હતા એની સૌથી વધારે ચર્ચા થઈ રહી છે. આ ફોટોમાં તેણે બોલ્ડનેસની હદપાર કરી દીધી હતી. ફેન્સને પાગલ કર્યા પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ફોટો શૅર કરીને ઈશાએ ફેન્સને પાગલ કર્યા હતા, આ પછી દરેક સોશિયલ મીડિયા પર એક્ટ્રેસના આઉટફીટની ચર્ચા થઈ રહી છે. આ ફોટોમાં ઈશાએ ઝાળીવાળુ ગાઉન પહેર્યુ છે જેમાં નીચેનો ભાગ પ્રોપરલી કવર થયેલો છે. પણ ટોપ પરથી ફેન્સની નજર હટતી નથી. આ એક લેવેન્ડર પિંક કલર્ડ સ્ટનિંગ શેરલેસ ગાઉન છે. જેના પર ફ્લોરલ અને ઈન્ટ્રીકેટ નેટવર્ક કરવામાં આવ્યું છે. એનો આ લૂક ક્લાસિક અને બોલ્ડ દેખાઈ રહ્યો છે. વિન્ટેજ વાઈબ્સ સાથે આ લૂક પર ફેન્સ દિલવાળા ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે. આ એક બોડી હગિંગ ગાઉન છે. જેમાં દરેક પાર્ટ સાથે કટ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. બોટ નેકલાઈન્સ પેટન અને કોલરબોન એના અંદાજમાં વધારો કરે છે. આ ગાઉન ખભા પાસેથી એકદમ ફીટ છે. બોડી ફિટિંગ ગાઉનમાં ઈશાનું ફીગર સંપૂર્ણ રીતે દેખાઈ રહ્યું છે. વિન્ટેજ લૂક સાથે અલગ વાઈબ્સ આપી રહી છે. સાઈડ લૂકમાં એના પર જ્યારે સનલાઈટ પડે છે ત્યારે અલગ અંદાજથી દીપી ઊઠે છે. આ લૂકમાં એની શાર્પ લો લાઈન અને સાઈડ કટ દેખાઈ રહી છે. અન્ય એક ફોટોમાં તે બારી પાસે મસ્ત પોઝ આપી રહી છે. કાયમ પોતાની ફેશન સેન્સને કારણે ચર્ચામાં રહેલી ઈશા ગુપ્તાનું પિંક કલરનું ગાઉન જ્વેલરી લૂક સાથે પૂર્ણ થયું છે. લૂકમાં કોઈ જ પ્રકારનું મિસમેચિંગ નથી. માત્ર ઈયરરિંગ પહેરીને તેણે ફોટો ક્લિક કરાવ્યો હતો. તેનો હોટ અને બોલ્ડ લુક કોઈપણ રીતે ઢંકાઈ ન જાય. તેણે આ લુક સાથે ફક્ત મેચિંગ ફૂલ આકારના ઈયરરિંગ્સ પહેર્યા હતા. ઝાળીવાળા ગાઉન સાથે એનો આ લૂક બોલ્ડ સાથે બ્યૂટીફૂલ દેખાઈ રહ્યો છે. મેકઅપ ફક્ત ઓછો જ ન હોતો, પરંતુ તેનો મેકઅપ કે હેરસ્ટાઈલ તેના લુકને ઢાંકી શકી નહીં. સુંદર ગાઉનને વધુ શાનદાર બનાવવા માટે તેના ટૂંકા વાળને સ્પ્રેથી પાછળ સ્લાઈસ કરીને સ્ટાઈલ કર્યા, પરંતુ તેના મેકઅપને ઓછો રાખ્યો, કોહલ-લાઈનવાળી આંખો અને ઘેરા ભૂરા રંગની લિપસ્ટિક પસંદ કરી.

**બોડી ફિટિંગ ગાઉનમાં ઈશાનું ફીગર સંપૂર્ણ રીતે દેખાઈ રહ્યું છે**

# 4 મહિનાની પ્રેગ્નેન્સી દરમિયાન દીપિકાએ કર્યો એનર્જેટિક ડાન્સ

## પેન્ટસૂટમાં બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો, ચહેરા પર અલગ ગ્લો દેખાયો; ટૂંક સમયમાં બીજા બાળકનું સ્વાગત કરશે

મુંબઈ

બોલિવૂડ સ્ટાર દીપિકા પાદુકોણની એક નવી જાહેરાત સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. દીપિકાએ એક હોટેલ ચેઈન માટે આ એડ શૂટ કરી છે, જેમાં તેનો બેબી બમ્પ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. 'હિન્દુસ્તાન ટાઈમ્સ' અનુસાર, દીપિકાએ આ જાહેરાત ત્યારે શૂટ કરી હતી, જ્યારે તે 4 મહિના પ્રેગ્નેન્ટ હતી. દીપિકા અને તેનો પતિ રણવીર સિંહ ટૂંક સમયમાં તેમના બીજા બાળકનું સ્વાગત કરવાના છે. આ નવી જાહેરાતમાં દીપિકા પાદુકોણ ખૂબ જ સ્ટાઈલિશ અને અલગ લુકમાં જોવા મળી રહી છે. તેણે એક લક્ઝરી પ્રોપર્ટીની અંદર બ્લુ કલરનો પેન્ટસૂટ પહેરીને શૂટિંગ કર્યું છે. વીડિયોમાં તે હોટલના અલગ-અલગ ભાગોમાં વોક કરતી અને ડાન્સ કરતી જોવા મળી રહી છે. આ આખી જાહેરાતમાં તેનો પ્રેગ્નન્સી ગ્લો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. રણવીર સિંહ અને દીપિકા પાદુકોણે થોડા સમય પહેલા જ ઈન્સ્ટાગ્રામ પર એક જોઈન્ટ પોસ્ટ શેર કરીને બીજી વખત માતા-પિતા બનવાની જાણકારી આપી હતી. આ પોસ્ટમાં તેમની દીકરી દુઆ પાદુકોણ સિંહ એક પ્રેગ્નન્સી ટેસ્ટ કીટ પકડેલી જોવા મળી રહી હતી, જેના પર બે પિંક લાઈનો બનેલી હતી. દીપિકા અને રણવીરે 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા. ત્યારબાદ સપ્ટેમ્બર 2024માં દીકરી દુઆનો જન્મ થયો હતો. દીપિકા તાજેતરમાં તેની કેટલીક ફિલ્મો છોડવાને કારણે પણ ચર્ચામાં રહી છે. રિપોર્ટ્સ અનુસાર, તેણે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ' છોડી દીધી છે. તે ફિલ્મ માટે દરરોજ 8 કલાક કામ કરવાની ફિક્સ શિફ્ટ અને કેટલીક અન્ય શરતો ઈચ્છતી હતી, જેને ટીમે સ્વીકારી નહીં. આ પછી ડિરેક્ટર નાગ અશ્વિને પણ 'કલ્કિ 2' માંથી દીપિકાના બહાર થવાની જાહેરાત કરી. જણાવવામાં આવી રહ્યું છે કે, સમયની અછત અને સિક્વલમાં તેના પાત્રનો રોલ નાનો કરવામાં આવવાને કારણે તેણે આ ફિલ્મ છોડી દીધી. આ બે મોટા પ્રોજેક્ટ્સમાંથી અલગ થયા પછી દીપિકાને શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ' માટે ફાઈનલ કરવામાં આવી છે. આ શાહરૂખ ખાન સાથે તેની છઠ્ઠી ફિલ્મ હશે.



# ફિલ્મ 'સતલુજ' અલગ નામથી રિલીઝ કરી દેવાતા સરકારે મુદ્દાને ગંભીરતાથી લીધો


## સત્યઘટનાથી પ્રેરિત કે સત્યઘટનાથી નજીક રહેલા કિસ્સાઓ પર જ્યારે ફિલ્મ તૈયાર થાય છે એમાં તથ્યોને લઈને ઘણીવાર વિવાદ થાય છે.


મુંબઈ

ઘણી બધી એવી ફિલ્મો હોય છે જેની સામે સેન્સરબોર્ડ એક્શન લે છે, ઘણીવાર સત્યઘટનાથી પ્રેરિત કે સત્યઘટનાથી નજીક રહેલા કિસ્સાઓ પર જ્યારે ફિલ્મ તૈયાર થાય છે એમાં તથ્યોને લઈને ઘણીવાર વિવાદ થાય છે. હવે દિલજીત દોસાંજની ફિલ્મ 'સતલુજ' ના કોન્ટેટને લઈને મામલો વિવાદમાં આવ્યો છે. આ માટે સૂચના તથા પ્રસારણ મંત્રાલયે ફિલ્મ માટે હાઈ લેવલ ઈન્ટર ડિપાર્ટમેન્ટ કમિટી તૈયાર કરી છે. હાલમાં પંજાબમાં એક માનવાધિકાર કાર્યકર્તા લાપતા થઈ ગયા છે એના પર સમગ્ર ફિલ્મ કેન્દ્રીત છે. આ કમિટીનું નિર્માણ સોમવારે કરવામાં આવ્યું પછી સમગ્ર વિવાદને વધારે વેગ મળ્યો હતો.

આખરે શું છે આખો મામલો?

પંજાબના માઈલસ્ટોન સિંગર અને એક્ટર 'પંજાબ 95' નામની એક ફિલ્મ તૈયાર કરી હતી જેમાં સેન્સર બોર્ડ પાસે કોઈ કારણોસર આ ફિલ્મ અટકી રહી, આ પછી ફિલ્મ 'સતલજ' શુક્રવારે ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રિમ કરવામાં આવી પણ બે દિવસ બાદ જ આ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પરથી દૂર કરી દેવામાં આવી. ખરેખર તો આ ફિલ્મ પંજાબના એક સમયના જાણીતા એક્ટિવિસ્ટ જસવંતસિંહ ખાલરા પર આધારિત છે. જેને વર્ષ 1984થી વર્ષ 1994 સુધી પંજાબમાં અજાણ્યા મૃતદેહના અંતિમસંસ્કારની તપાસ કરી હતી. વર્ષ 1995માં એમનું અપહરણ થયું એ પછી તેઓ ક્યારેય જોવા મળ્યા જ નથી. આખી વાર્તા આના પર છે. આ ફિલ્મમાં જસવંતસિંહ ખાલરાનો રોલ દિલજીત દોસાંજે પ્લે કર્યો છે. સરકારે સુરક્ષાનો મુદ્દો આગળ કરીને આ ફિલ્મને ઓટીટી પર સ્ટ્રિમ થવા પર રોકી લીધી છે. હવે સમગ્ર કોન્ટેટની તપાસ કર્યા બાદ જ સ્ટ્રિમ કરવામાં આવશે. જ્યારે સમગ્ર ફિલ્મને ઓટીટી પરથી હટાવી દેવામાં આવી એ સમયે દિલજીતે ખૂબ જ દુઃખ વ્યક્ત કર્યું હતું.પણ લોકોને ખાતરી આપતા કહ્યું હતું કે, જ્યારે પણ ફિલ્મ જોવાનો ચાન્સ મળે તો એકવાર આ ફિલ્મ અવશ્ય જોઈ લેજો. ઝી5 પર આ ફિલ્મ સ્ટ્રિમ કરવામાં આવી હતી આ સાથે ફિલ્મની પાયરેસનું સમર્થન ન કરવા પર અપીલ કરી હતી.સમગ્ર મામલે સૂચના તથા પ્રસારણ મંત્રાલયે કહ્યું હતું કે, આ ફિલ્મ માટે જરૂરી એવા પ્રમાણપત્રોની પ્રક્રિયા ફિલ્મે પૂરી કરી ન હતી. આ પ્રમાણપત્ર વગર ફિલ્મને સ્ટ્રિમ કરી દેવામાં આવી હતી.



# ફિટનેસ ક્વીન શ્વેતા તિવારીએ સોશિયલ મીડિયા પર મચાવી ધમાલ

## તાજેતરમાં જ અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી

મુંબઈ

ટેલિવિઝન જગતની સુંદર અભિનેત્રી શ્વેતા તિવારીની સુંદરતાથી તેના ચાહકો પરિચિત છે. 45 વર્ષીય શ્વેતા તિવારી પોતાની ફિટનેસ અને પોતાના ગ્લેમરસ અંદાજના લીધે હંમેશાં ચર્ચામાં રહે છે. શ્વેતાની ફિટનેસ એટલી ગજબ છે કે તે હજી પણ 30 વર્ષની યુવતી જેવી દેખાય છે. તાજેતરમાં જ અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં તે બ્લેક આઉટફિટમાં ખૂબ જ બોલ્ડ અને સુંદર લાગી રહી હતી. તેની તસવીરો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યા પછી તેના પર કમેન્ટ કરતા થાકતા નહોતા.

બ્લેક મોનોક્રોમ લુક લોકોએ પસંદ પણ કર્યો હતો. શ્વેતાના આ ઓલ બ્લેક આઉટફીટને મોડર્ન ટેલર્ડ સિલહૂટ સાથે સ્ટાઈલ કરવામાં આવ્યો હતો. ફૂલ સ્લીવ ટોપ અને ડ્રેપ્ડ સ્કર્ટનું કોમ્બિનેશન સુંદર લાગી રહ્યું હતું. જોકે, આ લૂકમાં શ્વેતા બ્યુટી ઈન બ્લેક લાગી રહી હોવાની પણ કમેન્ટ કરી હતી.


પોતાની દીકરીને પણ ટક્કર આપનારી શ્વેતાએ સોફ્ટ વેવી હેર અને ન્યૂડ મેકઅપ લુક કેરી કર્યો છે. એક્ટ્રેસનો આ લુક ખૂબ જ આકર્ષક અને ગ્લેમરસ લાગી રહ્યો છે. તમે પણ જો કોઈ પાર્ટી કે કોઈ સેલિબ્રેશનના ઓકેશન માટે આઉટફિટ શોધી રહ્યા હોવ તો શ્વેતાના આ લુકથી ઈન્સ્પિરેશન લઈ શકો છો. શ્વેતાના ક્લોઝ અપ લૂકને જોતા તેનો ચહેરાના ફીચર ખૂબ સાઈની નજર આવી રહ્યા છે, જેમાં તેની શાર્પ આઈલાઈનર, મેકઅપનો બેઝ અને ન્યૂડ લિપ્સ સમગ્ર લુકને પૂર્ણ કરે છે. તેણે ગળામાં પહેરેલું સુંદર ગોલ્ડ ચોકર રોયલ ફીલ આપે છે, જેમાં મેચિંગ ઈયરરિંગ્સનું ઉત્તમ કોમ્બિનેશન કર્યું છે. આ આઉટફિટમાં ટોપને બોડી ફિટેડ ડિઝાઈન કરવામાં આવ્યું છે. જેમાં તે ખુબ જ ગ્રેસફુલ લાગી રહી છે. આ લુકમાં તે એકદમ સ્ટાઈલિશ લાગી રહી છે. હાલમાં શ્વેતા ટેલિવિઝનથી અને ફિલ્મી પડદેથી દૂર પોતાની લાઈફમાં વ્યસ્ત છે, પરંતુ તે સોશિયલ મીડિયા પર અલગ અલગ પોસ્ટ મૂકી પોતાના ચાહકોને પોતાની ઝલક બતાવતી રહે છે.

# 3 દિવસ ચાલ્યું ઓડિશન, પછી મેકર્સે કરી 'ગંદી ડિમાન્ડ': બિગ બોસ ફેમ રેવા કૌરાસેનો મોટો ખુલાસો

મુંબઈ

બિગ બોસ મરાઠી 6' દ્વારા વિશેષ ઓળખ મેળવનારી એક્ટ્રેસ રેવા કૌરાસેએ પોતાની કરિયરની શરૂઆતનો એક એવો દર્દનાક કિસ્સો શેર કર્યો છે, જેને યાદ કરીને તે આજે પણ ભાવુક થઈ જાય છે. રેવાએ ખુલાસો કર્યો છે કે કરિયરની શરૂઆતમાં તેને એક સાઉથની ફિલ્મ ઓફર થઈ હતી, પરંતુ જ્યારે તેની પાસે 'પર્સનલ ફેવર' એટલે કે કાસ્ટિંગ કાઉચ (કોમ્પ્રોમાઈઝ)ની માંગ કરવામાં આવી, ત્યારે તેણે પોતાની આત્મગૌરવ ખાતર એ જ સેકન્ડે ફિલ્મ છોડી દીધી હતી. રેવાએ જણાવ્યું કે, આ ફિલ્મ માટે તેને હૈદરાબાદ બોલાવવામાં આવી હતી. ત્યાં સતત ત્રણ દિવસ સુધી તેનો લુક ટેસ્ટ, કેમેરા ટેસ્ટ અને એક્ટિંગ વર્કશોપ યોજાયા હતા. બધું જ એટલું પ્રોફેશનલ રીતે ચાલી રહ્યું હતું કે તેને પૂરો ભરોસો થઈ ગયો હતો કે આ ફિલ્મ તેને મળી ગઈ છે.

એટલું જ નહીં, તેને સાઈનિંગ અમાઉન્ટ (ટોકન મની) પણ આપી દેવામાં આવી હતી અને એવું કહેવામાં આવ્યું હતું કે કોઈ શુભ મુહૂર્તમાં ઓફિશિયલ એગ્રીમેન્ટ સાઈન કરવામાં આવશે. પરંતુ, થોડા સમય પછી મેકર્સ તરફથી વાતચીત સાવ બંધ થઈ ગઈ. જ્યારે રેવાએ પોતે સામેથી તેમનો સંપર્ક કર્યો ત્યારે તેને ઈશારામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું કે ફિલ્મના એક પ્રોડ્યુસર તેની પાસે 'પર્સનલ ફેવર' ઈચ્છે છે. એક્ટ્રેસે કહ્યું, "હું સાવ સ્તબ્ધ થઈ ગઈ. એ સમયે મારી કરિયર હજુ શરૂ જ થઈ હતી. મને વિશ્વાસ નહોતો થતો કે કોઈ આટલી હલકી વાત પણ કહી શકે છે. રેવાએ સાફ શબ્દોમાં કહી દીધું કે તેણે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. તેણે જણાવ્યું, "જો આ જ એમની શરત હતી તો શરૂઆતમાં જ કહી દેવું જોઈતું હતું ને? મારો સમય બગાડવાની શું જરૂર હતી? મેં એ જ ક્ષણે નક્કી કરી લીધું કે મારે આ ફિલ્મ નથી કરવી.



### ઈંગ્લેન્ડના 201 રનના લક્ષ્ય સામે ટીમ ઈન્ડિયા 76 રનમાં ધરાશાયી

# ભારતની ટી-20માં સૌથી મોટી હાર, ટીમે પોતાનો બીજો સૌથી ઓછો સ્કોર પણ બનાવ્યો

મુંબઈ

ઈંગ્લેન્ડ સામેની ત્રીજી T20 ઈન્ટરનેશનલ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમને આ ફોર્મેટની અત્યાર સુધીની સૌથી શરમજનક અને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી આ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને 125 રને હરાવીને 5 મેચોની શ્રેણીમાં 2-0ની અજેય લીડ મેળવી લીધી છે. આ હાર સાથે શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળની ભારતીય ટીમે શ્રેણી જીતવાની તક ગુમાવી દીધી છે, હવે ભારત માત્ર આ શ્રેણી ડ્રો કરાવી શકે તેમ છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમે ઓપનર ફિલ સોલ્ટની દમદાર 70 રનની (44 બોલ, 7 ચોગ્ગા, 3 છગ્ગા) ઈનિંગ અને કેપ્ટન જોસ બટલરના 36 રનની મદદથી ઝડપી શરૂઆત કરી હતી. અંતિમ ઓવરોમાં સેમ કરને 24 બોલમાં અણનમ 41 રન ફટકારીને ઈંગ્લેન્ડનો સ્કોર 7 વિકેટે 201 રન સુધી પહોંચાડ્યો હતો. ભારત તરફથી પ્રિન્સ યાદવ અને હર્ષિત રાણાએ 2-2 વિકેટ ઝડપી હતી. 202 રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ ઈંગ્લેન્ડના પેસ એટેક સામે માત્ર 11.4 ઓવરમાં જ 76 રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. T20 ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતની આ સૌથી મોટી હાર છે. આ પહેલા 2019માં ન્યૂઝીલેન્ડે ભારતને 80 રને હરાવ્યું હતું. આ ઉપરાંત, 76 રન એ ભારતનો T20માં બીજો સૌથી ઓછો સ્કોર છે (સૌથી ઓછો સ્કોર 2008માં 74 રન છે). કોઈ બેટ્સમેન 15 રન પણ ન બનાવી શક્યો ભારતનો કોઈ પણ બેટ્સમેન 15 રનનો આંકડો પણ પાર કરી શક્યો નહોતો. ડેબ્યુટન્ટ વૈભવ સૂર્યવંશીએ 5 બોલમાં 2 છગ્ગા



સાથે 13 રન અને ઈશાન કિશને 13 રન બનાવ્યા હતા. કેપ્ટન અય્યર માત્ર 5 રન બનાવી આઉટ થયો હતો. ઈંગ્લેન્ડ તરફથી જોશ ટંગે 4 વિકેટ અને જોફ્રા આર્ચરે 3 વિકેટ ઝડપી ભારતીય બેટિંગ લાઈનઅપની કમર તોડી નાખી હતી. આર્ચરને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો. હવે શ્રેણીની આગામી મેચો 9 અને 11 જુલાઈએ રમાશે.

ઈંગ્લેન્ડે ભારત સામે ચોથી વખત 200+નો સ્કોર બનાવ્યો છે. ઈંગ્લેન્ડે ટ્રેન્ટ બ્રિજના મેદાન પર 7 વિકેટે 201 રન બનાવ્યા. આ ભારત સામે તેનો ત્રીજો સૌથી મોટો સ્કોર પણ છે. તેમણે આ જ વર્ષે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારત સામે સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. તેમણે 20 ઓવરમાં 7 વિકેટે 246 રન બનાવ્યા હતા. શ્રેયસ ઐયરે સતત પાંચમો ટૉસ જીત્યો. તેણે ટી-20માં સૌથી વધુ ટૉસ જીતનારા ભારતીય કેપ્ટનોમાં રોહિતની બરાબરી કરી. ભારત માટે ટી-20માં સતત સૌથી વધુ ટૉસ જીતવાનો રેકોર્ડ ધોનીના નામે છે. તેણે 2010 થી 2012 વચ્ચે સતત 7 ટૉસ જીત્યા હતા.

## કેપ્ટન શ્રેયસે ખરાબ રીતે હાર્યા બાદ જવાબદારી લીધી

લંડન

ટીમ ઈન્ડિયાને મંગળવારે ટી-20 ક્રિકેટમાં પોતાની સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો. તેને ઈંગ્લેન્ડે ત્રીજી મેચમાં 125 રનથી હરાવ્યું. ટ્રેન્ટ બ્રિજ સ્ટેડિયમમાં 202 રનનો પીછો કરી રહેલી ટીમ ઈન્ડિયા માત્ર 76 રન પર ઓલઆઉટ થઈ ગઈ.

મેચ પછી ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયરે ટીમના પ્રદર્શનને ખૂબ જ ખરાબ ગણાવ્યું. જ્યારે, હેડ કોચ ગંભીર બચાવ કરતા જોવા મળ્યા. તેમણે સિરીઝમાં સંજુ સેમસનની વાપસીના સંકેત પણ આપ્યા. અમારું પ્રદર્શન ખૂબ જ ખરાબ હતું. આટલી મોટી હાર સ્વીકાર્ય નથી. ટીમને ભૂલોમાંથી શીખીને મજબૂતીથી વાપસી કરવી પડશે. ફરીથી ડ્રોઈંગ બોર્ડ પર પાછા ફરીને પોતાની ખામીઓ પર કામ કરવું પડશે. ભારતીય ટીમ અય્યરની કપ્તાનીમાં ચોથી ટી-20 મેચ હારી છે.



તેઓ આ મેચમાં માત્ર 5 રન જ બનાવી શક્યો. ભારતીય કેપ્ટને બોલરોના પ્રદર્શન પર કહ્યું- 'મને નથી લાગતું કે આ 200 રનવાળી વિકેટ હતી.' તેમણે બેટ્સમેનોના પ્રદર્શન પર કહ્યું- પાવરપ્લેમાં અમારી ચાર વિકેટ પડી ગઈ.

અહીંથી જ અમે મેચમાં પાછળ રહી ગયા. હાર્ડ લેન્થ પર બેટિંગ કરવી મુશ્કેલ હતી અને અમે તેને બરાબર લાગુ કરી શક્યા નહીં. પોસ્ટ મેચ પ્રેસ કોન્ફરન્સમાં કોચ ગૌતમ ગંભીરે કહ્યું- જ્યારે તમે નવી શરૂઆત (રીસેટ) કરો છો, ત્યારે વસ્તુઓને પાટા પર આવવામાં સમય લાગે છે. 15 વર્ષનો ખેલાડી ઓપનિંગ કરી રહ્યો છે, પ્રિન્સ યાદવ પોતાની બીજી ટી-20 મેચ રમી રહ્યો છે. હર્ષિત રાણા ઈજા બાદ વાપસી કરી રહ્યો છે.

### 3 નવા ચહેરાઓને મળી તક

## ધૂરંધર ઈંગ્લેન્ડના બોલર જોફ્રા આર્ચરે IPLની પોલ ખોલી નાખી

વોશિંગ્ટન

ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની પોલ ખોલી દીધી છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ T20 વર્લ્ડ કપ અને IPL ઘર આંગણે રમ્યા બાદ પહેલી વાર T20 ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી રહ્યા છે અને આયરલેન્ડ બાદ ઈંગ્લેન્ડમાં સંઘર્ષ કરી રહ્યા છે. બીજી તરફ જોફ્રા આર્ચરે ઈંગ્લેન્ડની પોતાની પરિસ્થિતિઓમાં વધુ કમાલની બોલિંગ શરૂ કરી દીધી છે.

આવી સ્થિતિમાં તેનું માનવું છે કે, ભારતમાં IPL દરમિયાન સરળ વિકેટ પર રમ્યા બાદ ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં બોલિંગ કરવી એ મારા માટે સામાન્ય સ્થિતિમાં વાપસી કરવા જેવું છે. ભારત સામેની ત્રીજી ટી20



આંતરરાષ્ટ્રીય મેચમાં આર્શરે 29 રન આપીને 3 વિકેટ ઝડપી હતી, જ્યારે તેના સાથી ફાસ્ટ બોલર જોશ ટંગે 38 રન આપીને 4 વિકેટ ખેરવી હતી. તેના આ શાનદાર પ્રદર્શનથી 202 રનના લક્ષ્યનો પીછો કરી રહેલી ભારતીય ટીમ માત્ર 76 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. IPLમાં ઘણા ભારતીય બેટ્સમેનોનો સામનો કર્યા બાદ, જ્યારે આર્ચરને પૂછવામાં આવ્યું કે, અહીં બોલિંગ કરતી વખતે તેમની યોજનાઓમાં કેટલો બદલાવ આવ્યો? ત્યારે મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં તેણે જણાવ્યું કે, 'મને લાગે છે કે અહીં બધું સામાન્ય થઈ ગયું છે. અહીં તમે સારી લેન્થ પર સીધી બોલિંગ કરવાનો પ્રયાસ કરો છો, જ્યારે ત્યાં (ભારતમાં), વિકેટ સરળ હોવાને કારણે અને બાઉન્ડ્રી નાની હોવાને કારણે ખૂબ સાવચેત રહેવું પડે છે.'

# મેસ્સી મેજિકથી આર્જેન્ટિના ક્વાર્ટર ફાઇનલમાં

### 13 મિનિટમાં 3 ગોલ કરી ઇજિપ્તને ઘર ભેગું કર્યું; જીત બાદ મેદાન પર રડ્યો ને ટી-શર્ટ કાઢ્યું

મેક્સિકો સિટી

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ઈજિપ્તને 3-2થી હરાવીને ફૂટબોલ વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવી લીધું. મંગળવારે એટલાન્ટા સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં આર્જેન્ટિના 78મી મિનિટ સુધી 2-0 થી પાછળ હતું. અહીંથી રોમેરો (79મી મિનિટ), મેસ્સી (83મી મિનિટ) અને ફર્નાન્ડિઝ (ઈન્જરી ટાઈમના ત્રીજા મિનિટ) એ 13 મિનિટમાં 3 ગોલ કરીને ટીમને જીત અપાવી. વર્લ્ડ કપના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે, જ્યારે આર્જેન્ટિનાની ટીમ બે ગોલથી પાછળ રહ્યા પછી જીતી છે. મેસ્સીએ આ ટુર્નામેન્ટમાં 8મો ગોલ કર્યો. તે સૌથી વધુ ગોલ સાથે ગોલ્ડન બૂટની રેસમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. જીત બાદ મેસ્સી મેદાન પર જ ધ્રુસકે-ધ્રુસકે રડવા



લાગ્યો. આર્જેન્ટિનાનો મુકાબલો 12 જુલાઈએ સ્વિટ્ઝર્લેન્ડ સામે થશે. આ સાથે ક્વાર્ટર ફાઈનલની 8 ટીમો નક્કી થઈ ગઈ છે. સ્વિટ્ઝર્લેન્ડ 72 વર્ષ પછી પહેલીવાર વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે. તેણે આ પહેલા 1954માં વર્લ્ડ કપમાં અંતિમ-8માં સ્થાન બનાવ્યું હતું. મોરોક્કો સતત બીજા વર્લ્ડ કપમાં નોકઆઉટ તબક્કામાં પહોંચનારી પ્રથમ આફ્રિકન ટીમ બની ગઈ છે. 2022માં તેણે સેમિફાઈનલ સુધી પહોંચીને ઈતિહાસ રચ્યો હતો. ક્વાર્ટર ફાઈનલ લાઈનઅપમાં મોરોક્કો, બેલ્જિયમ, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ એવી ટીમો છે, જેમણે અત્યાર સુધી એક પણ ખિતાબ જીત્યો નથી. મેસ્સીએ વર્લ્ડ કપમાં 9 મેચોમાં ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો. તેમણે પોતાના જ રેકોર્ડને સુધાર્યો. વર્લ્ડ કપમાં મેસ્સીના કુલ ગોલની સંખ્યા 21 થઈ ગઈ છે. તેઓ ટુર્નામેન્ટના ઓલટાઈમ ટોપ સ્કોરર છે. ઈજિપ્તે ખૂબ જ આક્રમક શરૂઆત કરી. મેચની 15મી મિનિટમાં જ ઈજિપ્તના યાસિર ઈબ્રાહિમે આર્જેન્ટિનાના ડિફેન્સને ભેદીને પહેલો ગોલ કર્યો. આ પછી આર્જેન્ટિનાએ એટેક કરીને બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઈજિપ્તના ગોલકીપર મુસ્તફા શૌબીરે તમામ એટેક રોકી દીધા. આખરે બીજા હાફની 67મી મિનિટમાં મુસ્તફા ઝીકોએ શાનદાર મેદાની ગોલ કરીને સ્કોર 2-0 કરી દીધો. 78 મિનિટની રમત સુધી ઈજિપ્ત મેચ પર સંપૂર્ણપણે હાવી હતું. એવું લાગી રહ્યું હતું કે વર્લ્ડ ચેમ્પિયન આર્જેન્ટિનાની સફર અહીં જ પૂરી થઈ જશે, પરંતુ અહીંથી જ આર્જેન્ટિનાએ વાપસી કરી અને મેચ પોતાના પક્ષમાં કરી લીધી. ઈજિપ્તના પ્રથમ ગોલ પછી 21મી મિનિટે આર્જેન્ટિનાને પેનલ્ટી મળી. ગોલ કરવાની આ તક કેપ્ટન લિયોનેલ મેસ્સીએ લીધી. જોકે, ઈજિપ્તના ગોલકીપર મુસ્તફા શૌબીરે શાનદાર ડાઈવ લગાવીને મેસ્સીના શોટને રોકી દીધો. આ પછી મેસ્સી નિરાશ દેખાયા. આર્જેન્ટિનાના ચાહકો માટે ખુશ થવાનો પહેલો મોકો 79મી મિનિટે આવ્યો. જ્યારે ક્રિસ્ટિયન રોમેરોએ મેસ્સીના ક્રોસ પર હેડર દ્વારા ગોલ કરીને આર્જેન્ટિનાનું ખાતું ખોલ્યું.



### ટ્રમ્પના યુદ્ધવિરામ પૂર્ણના નિવેદન બાદ ભારતીય શેરબજારમાં કડાકો

# રોકાણકારોના ₹9 લાખ કરોડ ધોવાયા

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થવાની જાહેરાત બાદ બુધવારે સેન્સેક્સ 20 મિનિટમાં 1000 પોઈન્ટ ગગડી ગયો. દિવસ દરમિયાન માર્કેટની મૂવમેન્ટ સવારે સેન્સેક્સ 364 પોઈન્ટ ઘટીને 77816 પર ખુલ્યો હતો. બપોરે 1 વાગ્યે ને 40 મિનિટે તે 580 પોઈન્ટ ઘટીને 77,600 પર આવી ગયો. 2 વાગ્યા સુધીમાં ઘટાડો વધુ વધ્યો અને તે 76,600ની નજીક આવી ગયો. 3 વાગ્યાની આસપાસ તે 76,259ના દિવસના નીચલા સ્તરે આવી ગયો. 03:30 વાગ્યે તે 1677 પોઈન્ટ અથવા 2.15% ઘટીને 76,504 પર બંધ થયો. નિફ્ટી 516 પોઈન્ટ અથવા 2.12% ઘટીને 23,882 પર બંધ થયો. ક્રૂડ ઓઈલ 6% વધીને 75 ડોલરની નજીક



પહોંચ્યું બીજી તરફ, યુદ્ધવિરામ સમાપ્ત થતાં ક્રૂડ ઓઈલના ભાવ પણ 6% વધીને ફરીથી 75 ડોલરની નજીક પહોંચી ગયા છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથે થયેલો કરાર હવે સમાપ્ત થઈ ગયો છે. અમે ગઈ રાત્રે ઈરાન પર ખૂબ જ શક્તિશાળી હુમલો કર્યો. અમેરિકા-ઈરાન તણાવ વધવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં 6% નો વધારો થયો. આનાથી રોકાણકારોને મોંઘવારી અને કંપનીઓના ખર્ચ વધવાનો ડર છે, તેથી બજારમાં વેચવાલી આવી છે. ભારત તેની જરૂરિયાતનો 85% થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે. તેથી, આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ મોંઘું થતાં દેશનું આયાત બિલ વધે છે અને અર્થતંત્ર પર દબાણ આવે છે. તેલ મોંઘું થવાથી એરલાઈન્સ, પેઈન્ટ, કેમિકલ, ટાયર, FMCG અને લોજિસ્ટિક્સ કંપનીઓનો ખર્ચ વધી શકે છે. જ્યારે ONGC અને ઓઈલ ઈન્ડિયા જેવી તેલ ઉત્પાદક કંપનીઓને ઊંચા ભાવનો ફાયદો મળી શકે છે. ભારતમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો માત્ર આંતરરાષ્ટ્રીય તેલના ભાવ પર જ નહીં, પરંતુ ટેક્સ, રૂપિયાની કિંમત અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓના નિર્ણયો પર પણ આધાર રાખે છે.

### રોકાણકારોમાં ચિંતા ફેલાઈ

## ચાંદીમાં અચાનક 7831 અને સોનામાં 2555નો કડાકો, ક્રૂડ ઓઈલ એકઝાટકે 80 ડૉલરની નજીક

મુંબઈ

ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાન સાથે કોઈ ડીલ નહીં કરવાની જાહેરાત સાથે જ સમગ્ર વિશ્વમાં હડકંપની સ્થિતિ જોવા મળી રહી છે. ક્રૂડ ઓઈલમાં ભડકો બોલાઈ ગયો છે. જ્યારે સોના અને ચાંદીની કિંમતોમાં પણ પ્રચંડ કડાકાની સ્થિતિ સર્જાઈ છે. સોનાની વાત કરીએ સોનામાં સવારે બજાર ખુલ્યા બાદ સામાન્ય કડાકો હતો પરંતુ ટ્રમ્પની જાહેરાત બાદ આ કડાકો એકસાથે વધીને 2555 રૂપિયાને વટાવી ગયો અને સોનું એકદમથી 142837 રૂપિયાને લેવલે આવી ગયું. બીજી બાજુ ચાંદીના હાલ તો બેહાલ થઈ ગયા હોય તેવા લાગી રહ્યા છે. જે ચાંદી ગઈકાલે 230857 રૂપિયા પર બંધ થઈ હતી તે આજે 230015 રૂપિયાએ ખુલી હતી તે પછી એક ઝાટકે ગગડીને 223206 રૂપિયાના લેવલે પહોંચી ગઈ છે. એટલે કે ચાંદીમાં એકઝાટકે 7831 રૂપિયા



સુધીનો કડાકો આવી ગયો છે. ટ્રમ્પના એક એલાનથી જ દુનિયાભરમાં હડકંપની સ્થિતિ જોવા મળી રહી છે. બીજી બાજુ ક્રૂડ ઓઈલની વાત કરીએ તો જે ગત બે દિવસોમાં 70 થી 72 ડૉલરની આસપાસ ચાલી રહ્યુ હતુ તે આજે સવારે વધીને 76 ડૉલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું પરંતુ અચાનક જ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાન યુદ્ધને લઈને કરેલી જાહેરાતને કારણે ક્રૂડ ઓઈલના ભાવ રોકેટ થઈ ગયા અને સીધા 80 ડૉલરની નજીક પહોંચી ગયા હતા. આજે ક્રૂડ ઓઈલના ભાવ 79.24 ડૉલરની સપાટીને સ્પર્શીને આવી ગયા હતા. તે હાલમાં 78.88 ડૉલર પર ટ્રેડ થઈ રહ્યા છે.

આજના દિવસમાં જ બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતમાં 5 ટકા જેટલો એકઝાટકે ઉછાળો આવ્યો છે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 11 હજાર રૂપિયા મોંઘુ થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.44 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

### વિશ્વ બેંકના મેટ્રિકને સમજવું મહત્વપૂર્ણ

# વર્લ્ડ બેંકનો નવો રિપોર્ટ : ભારતના 5 રાજ્ય અપર મિડલ ઈનકમ ક્લબમાં સામેલ

### તાજેતરના અહેવાલમાં વિશ્વ બેંકે શ્રીલંકા, વિયેતનામ અને ફિલિપાઇન્સ જેવા દેશોને તેમની સુધારેલી આવકના આધારે ઉચ્ચ-આવક શ્રેણીમાં પ્રમોટ કર્યા છે.

મુંબઈ

દેશના અર્થતંત્રના વિકાસનો સાચો વ્યાપ રાષ્ટ્રીય સરેરાશથી આગળ વધીને અર્થતંત્રની સ્થિતિનું પરીક્ષણ કરીને માપી શકાય છે. તાજેતરમાં, તેના તાજેતરના અહેવાલમાં વિશ્વ બેંકે શ્રીલંકા, વિયેતનામ અને ફિલિપાઈન્સ જેવા દેશોને તેમની સુધારેલી આવકના આધારે ઉચ્ચ-આવક શ્રેણીમાં પ્રમોટ કર્યા છે. જ્યારે આ જ મેટ્રિકનો ઉપયોગ કરીને ભારતની તપાસ કરવામાં આવે છે, ત્યારે ખૂબ જ રસપ્રદ ચિત્ર ઉભરી આવે છે. ભારત 2,760 (એટલાસ પદ્ધતિ) ડોલરની રાષ્ટ્રીય માથાદીઠ આવક સાથે "નીચલી-મધ્યમ આવક" ધરાવતો દેશ રહે છે. આ આંકડો નીચલી-મધ્યમ આવક માટે 2,488 ડોલરની વૈશ્વિક સરેરાશ કરતા થોડો વધારે છે. જો કે, મનીકંટ્રોલ રિપોર્ટ મુજબ, પાંચ રાજ્યોએ અપવાદરૂપે સારું પ્રદર્શન કર્યું છે, જે વિશ્વ બેંકના 4,636 ડોલરના "ઉચ્ચ-મધ્યમ આવક" કટઓફને વટાવી ગયું છે.

આ સમજવા માટે, વિશ્વ બેંકના




મેટ્રિકને સમજવું મહત્વપૂર્ણ છે. બેંક 1,175 ડોલરથી ઓછી આવક ધરાવતા લોકોને "ઓછી આવક", 1,175 ડોલરથી 4,635 ડોલરની આવક ધરાવતા લોકોને "નીચલી-મધ્યમ આવક", 4,636 ડોલરથી 14,375 ડોલરની આવક ધરાવતા લોકોને "ઉચ્ચ-મધ્યમ આવક" અને 14,375 ડોલરથી વધુ આવક ધરાવતા લોકોને "ઉચ્ચ-આવક" માને છે. દેશના અર્થતંત્રના વિકાસનો સાચો વ્યાપ રાષ્ટ્રીય સરેરાશથી આગળ વધીને અર્થતંત્રની સ્થિતિનું પરીક્ષણ કરીને માપી શકાય છે. તાજેતરમાં, તેના તાજેતરના અહેવાલમાં વિશ્વ બેંકે શ્રીલંકા, વિયેતનામ અને ફિલિપાઈન્સ જેવા દેશોને તેમની સુધારેલી આવકના આધારે ઉચ્ચ-આવક શ્રેણીમાં પ્રમોટ કર્યા છે. જ્યારે આ જ મેટ્રિકનો ઉપયોગ કરીને ભારતની તપાસ કરવામાં આવે છે, ત્યારે ખૂબ જ રસપ્રદ ચિત્ર ઉભરી આવે છે. ભારત 2,760 (એટલાસ પદ્ધતિ) ડોલરની રાષ્ટ્રીય માથાદીઠ આવક સાથે "નીચલી-મધ્યમ આવક" ધરાવતો દેશ રહે છે. આ આંકડો નીચલી-મધ્યમ આવક માટે 2,488 ડોલરની વૈશ્વિક સરેરાશ કરતા થોડો વધારે છે. જો કે, મનીકંટ્રોલ રિપોર્ટ મુજબ, પાંચ રાજ્યોએ અપવાદરૂપે સારું પ્રદર્શન કર્યું છે, જે વિશ્વ બેંકના 4,636 ડોલરના "ઉચ્ચ-મધ્યમ આવક" કટઓફને વટાવી ગયું છે.

## ઓપન માર્કેટ શેર બાયબેક 1 ઓગસ્ટથી અમલી

- **વધુ પારદર્શિતાના હેતુથી પગલું લેવાયું, અમલીકરણનો સમયગાળો 66 કાર્યકારી દિવસો સુધી મર્યાદિત**

મુંબઈ

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા શેર બાયબેક ફરીથી રજૂ કરવા માટે નિયમો સૂચિત કરાયા છે, જેનાથી કંપનીઓ 1 ઓગસ્ટથી ખુલ્લા બજારમાં તેમના પોતાના શેર ફરીથી ખરીદી શકે છે, જ્યારે અમલીકરણનો સમયગાળો 66 કાર્યકારી દિવસો સુધી મર્યાદિત કરાયો છે. નવા નિયમો કંપનીઓને સમર્પિત બાયબેક વિન્ડો વિના નિયમિત ટ્રેડિંગ મિકેનિઝમ દ્વારા શેર બાયબેક કરવાની મંજૂરી આપે છે. આ પગલાનો હેતુ પ્રવાહિતા વધારવા અને અમલીકરણ કાર્યક્ષમતામાં



સુધારો કરવાનો છે, તેમજ લિસ્ટેડ કંપનીઓ માટે મૂડી ફાળવણી સાધન તરીકે બાયબેકનું આકર્ષણ સંભવિત રીતે વધારવાનો છે. સેબીએ 2025માં ઓપન-માર્કેટ બાયબેકને તબક્કાવાર બંધ કરી દીધું હતું, જેમાં શેરધારકો સાથે અસમાન વર્તન અને કર-સંબંધિત વિકૃતિઓ અંગે ચિંતા દર્શાવવામાં આવી હતી, કેમકે આ પદ્ધતિ પસંદગીના રોકાણકારોની તરફેણ કરતી જોવા મળી હતી. બજાર નબળાઈના સમયગાળામાં આ પુનઃપ્રારંભથી કંપનીઓ દ્વારા શેરધારકોને સરપ્લસ રોકડ પરત કરવા અને શેરના ભાવને ટેકો આપવા માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા મૂડી વ્યવસ્થાપન માર્ગને પુનર્જીવિત થવાની અપેક્ષા છે. 1 ઓગસ્ટ, 2026થી, સ્ટોક એક્સચેન્જ દ્વારા ઓપન માર્કેટમાંથી બાયબેક કંપનીના પેઈડ-અપ મૂડી અને ફ્રી રિઝર્વના પંદર ટકાથી ઓછું હશે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આહ્વાન બાદ

# ફરજિયાત TET પરીક્ષાને લઈને પ્રાથમિક શિક્ષક સંઘની ગાંધીનગર કૂચ




અમદાવાદ

ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષકો પણ સરકાર સામે મોરચો ખોલવા ગાંધીનગર જઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટના TET ફરજિયાતના નિર્ણય બાદ રાજ્યમાં 2010 પહેલાં ભરતી થયેલા શિક્ષકોમાં અસંતોષ ફેલાયો છે. જેથી 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સાથે રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ વિરોધ અને ધરણા પ્રદર્શન કર્યા હતા.

છતાં પણ માંગણીઓ ન સ્વીકારવામાં આવતા હવે ગાંધીનગરમાં શિક્ષકો ધરણા પ્રદર્શન કરશે. 11 જુલાઈએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 30 હજારથી વધુ શિક્ષકો જોડાશે. 2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માંગ સાથે દિવસ ધરણા પ્રદર્શન કરશે.

**11મીએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન, 30 હજારથી વધુ શિક્ષકો સરકારને ઘેરશે**

સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો હતો કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પાસ કરવી ફરજિયાત રહેશે. જે શિક્ષકોની નોકરીને પાંચ વર્ષથી વધુ સમય બાકી છે, તેમણે TET પાસ કરવી ફરજીયાત કરવામાં આવ્યું છે. જો તેઓ આમ નહીં કરે તો રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે કોર્ટે માત્ર પાંચ વર્ષ બાકી રહેલા શિક્ષકોને રાહત આપી છે.

જેથી સુપ્રીમ કોર્ટના આ નિર્ણયના કારણે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને અન્ય શૈક્ષિક સંઘ દ્વારા વિરોધ પ્રદર્શન અને ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિક્ષકોનો દાવો છે કે જે તે સમયે તે લોકો નોકરીમાં લાગ્યા ત્યારે નિયમ મુજબ લાગ્યા હતા જેથી હવે 2010 પહેલાના શિક્ષકોને TET પરીક્ષા આપવી જરૂરી નથી.

જેથી 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સાથે રાજ્યભરમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી કલેક્ટરને આવેદનપત્ર પણ આપ્યું હતું. 33 જિલ્લામાં 3 દિવસ સુધી અલગ અલગ પ્રકારે ધરણા પ્રદર્શન અને આંદોલનાત્મક કાર્યક્રમ કર્યા હતા. પરંતુ તે બાદ પણ 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સ્વીકારવામાં આવી નહતી.

જેના કારણે હવે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ વિરોધ કાર્યક્રમો યોજવાની જાહેરાત કર્યા બાદ હવે 11 જુલાઈએ ગાંધીનગરના સેક્ટર 6માં આવેલા સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યસ્તરીય ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આહ્વાન બાદ ગાંધીનગર ખાતે યોજાનારા ધરણા પ્રદર્શનમાં અમદાવાદ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો જોડાવાના છે.

### ■ 2010 પહેલાના શિક્ષકોની મુક્તિની માંગ

આ આંદોલનમાં મુખ્ય વિરોધ વર્ષ 2010 પહેલાં સેવામાં જોડાયેલા શિક્ષકો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટના આ આદેશના કારણે રાજ્યના હજારો શિક્ષકોએ ફરજિયાતપણે પરીક્ષા આપવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના સત્તાવાર આદેશથી આ રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. શિક્ષકોનું કહેવું છે કે તેઓ કોર્ટના આદેશનો આદર કરે છે, પરંતુ આ બાબતે કેન્દ્ર સરકાર હસ્તક્ષેપ કરે અને તેમને આ પરીક્ષામાંથી મુક્તિ અપાવે.

### ■ આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી આપવામાં આવી

હાલમાં શિક્ષકો દ્વારા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે ધરણા યોજીને વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. જો કે, શિક્ષક સંઘ દ્વારા એવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આવતીકાલથી વિવિધ તબક્કે આ આંદોલનને વધુ ઉગ્ર (Intense Agitation) બનાવવામાં આવશે.

બાળકો ગંદા પાણીમાં ચાલવા મજબૂર

## સરદારનગરની ગુજરાતી-હિન્દી સ્માર્ટ સ્કૂલ રોડ ઉપર વરસાદી પાણી ભરાયા



અમદાવાદ

અમદાવાદમાં છેલ્લા બે દિવસમાં સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે, ત્યારે અલગ અલગ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. વરસાદ બંધ થયા બાદ પણ તંત્ર દ્વારા વરસાદી નિકાલના પાણીની કામગીરી ન કરવામાં આવી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ગઈકાલે 7 જુલાઈએ સરદારનગર વિસ્તારમાં પોલીસ ચોકી નજીક જવાહર કોલોની પાસે આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની સરદારનગર ગુજરાતી અને હિન્દી સ્માર્ટ સ્કૂલ પાસે વરસાદી પાણી ભરાયેલા હતાં. સ્કૂલે જતા બાળકોને વરસાદી પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી, ત્યારે તંત્ર સામે અનેક સવાલ ઊભા થયા છે.

સરદાર નગર વિસ્તારમાં પોલીસ ચોકી નજીક જવાહર કોલોનીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સરદારનગર ગુજરાતી અને હિન્દી સ્માર્ટ સ્કૂલ આવેલી છે. સ્કૂલે જવાના રોડ ઉપર વરસાદ બંધ થયા બાદ પણ વરસાદી પાણી ભરાયેલા છે, જેના કારણે થઈને સ્કૂલે જતા બાળકોને વરસાદી પાણીમાંથી પસાર થવું પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

સવારે સ્કૂલે જઈ રહેલા બાળકોને વરસાદના ગંદા પાણીમાંથી ચાલીને સ્કૂલે જવું પડી રહ્યું છે જેના કારણે બાળકોના પગ અને કપડા પણ ખરાબ થયા છે. સ્કૂલે જતા વાહનો પણ પાણીમાંથી પસાર થઈ રહ્યા છે.

શહેરમાં સરેરાશ એક ઇંચ વરસાદ પડ્યો છે. જેમાં સરદારનગર વિસ્તારમાં એક ઇંચથી પણ ઓછો વરસાદ પડ્યો છે, ત્યારે માત્ર સામાન્ય વરસાદમાં જો પાણી ભરાઈ જાય અને 24 કલાક સુધી પાણી ઉતરતું નથી. ત્યારે કોર્પોરેશન તંત્રની નિકાલની વ્યવસ્થાને લઈને પણ સવાલ ઊભા થયા છે.

## અમદાવાદ : આનંદનગરમાં બેંકના નિવૃત કર્મચારી સાથે 11.42 લાખની ઠગાઈ : બેંકના ગ્રુપમાં હેલ્પની લિંક પર ક્લિક કરીને મદદ માગી



અમદાવાદ

અમદાવાદના એક નિવૃત બેંક કર્મચારીને APK ફાઇલ મોકલી 11.42 લાખની ઠગાઈ થઈ છે.વૃદ્ધે બેંકના ગ્રુપમાં આવેલી બેંક હેલ્પની લિંક પર ક્લિક કરતા અજાણ્યા શખ્સે વૃદ્ધ સાથે બેંક મેનેજર બનીને વાતચીત કરી હતી અને વૃદ્ધને એપીકે ફાઈલ મોકલી હતી. જે ડાઉનલોડ કરતા વૃદ્ધના ખાતામાંથી એફડી સહિત કુલ 11.42 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. આનંદનગર વિસ્તારમાં રહેતા 76 વર્ષીય વૃદ્ધિ યુનિયન બેંકમાં ફરજ બજાવતા હતા. વૃદ્ધના બેંકના કર્મચારીઓનું એક વોટ્સએપ ગ્રુપ હતું,જેમાં બેંકને લગતી માહિતીઓ આવતી હતી. આ ગ્રુપમાં બેંક હેલ્પ લખેલી એક લિંક આવી હતી. જે લિંક વૃદ્ધે ઓપન કરી હતી, ત્યારે વોટ્સએપ કોલ પર એક વ્યક્તિ સાથે વાત થઈ હતી. આ વ્યક્તિએ પોતાની ઓળખ યુનિયન બેન્કના મેનેજર તરીકે આપી હતી અને વૃદ્ધને મદદ કરવાનું કહ્યું હતું. વૃદ્ધે બેંકમાં લોકરના ભાડાના ડિસ્કાઉન્ટ માટે વાતચીત કરી હતી. ત્યારબાદ બીજા દિવસે ફરીથી અજાણ્યા શખ્સે વૃદ્ધને મદદ કરવાનું કહીને કસ્ટમર સપોર્ટની એક એપીકે ફાઈલ મોકલી હતી. વૃદ્ધ પાસે ડાઉનલોડ કરાવી તેમાં વિગતો ભરાવી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરી વૃદ્ધ વિગત ભરતા જ તેમના પર ઓટીપી આવવાના શરૂ થયા હતા. વૃદ્ધ જ્યારે બેંકમાં જઈને તપાસ કરી તો અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા અને તેમના ખાતામાંથી ચાર એફડી દ્વારા કુલ 11.42 લાખ ઉપડી ગયા હતા.

## 13 વેપારીઓનું 4.73 કરોડનું ફલેકું ફેરવી જાણીતા મોલના ડિરેક્ટર વિદેશ નાસી છૂટ્યા

ઓશિયા મોલનું ડિરેક્ટર દંપતિ વિદેશ પલાયન થયાની ફરિયાદ અમદાવાદ CID ક્રાઈમમાં નોંધાવાઈ




અમદાવાદ

વડોદરા અને સુરતના 13 વેપારીઓ પાસેથી 4.73 કરોડનો માલ ખરીદી, ઓશિયા મોલના ડિરેક્ટર ધીરેન્દ્ર ચોપરા અને તેમના પત્ની કવિતા ચોપરા વિદેશ ભાગી ગયા છે. અમદાવાદ સીઆઈઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે. ચેક રિટર્ન થતાં અને સંપર્ક ન થતાં, ફ્રોડ ઈન્વેસ્ટિગેશન સેલ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. અમદાવાદ, વડોદરા અને સુરતના વેપારીઓ પાસેથી હોલસેલમાં માલસામાન ખરીદ્યા પછી કુલ 4.73 કરોડ રૂપિયા નહીં ચૂકવી ઓશિયા મોલનું ડિરેક્ટર દંપતિ વિદેશ પલાયન થયાની ફરિયાદ અમદાવાદ સીઆઈઆઈડી ક્રાઈમમાં નોંધાવાઈ છે. એફ.એમ.સી.જી. ડિસ્ટ્રીબ્યુટર એસોસિએશને ગુજરાતના 13 વેપારીઓ વતી વિધિવત ફરિયાદ નોંધાવતાં ઓશિયા હાઈપર રિટેલ લિમિટેડના ડાયરેક્ટર ધીરેન્દ્ર ગૌતમ ચોપરા, કવિતા ધીરેન્દ્ર ચોપરા અને પરચેઝ ઓફિસર રૂચી રાજકુમાર બહેતી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ છે. બોડકદેવમાં રહેતા વિવેક બાસુદેવ અગ્રવાલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ફેડરેશન ઓફ ગુજરાત એફએમસીજી ડિસ્ટ્રીબ્યુટર્સ એસોસિએશન ચેરિટેબલ ટ્રસ્ટના જનરલ મેનેજર સેક્રેટરી રામ બક્ષીએ ગાંધીનગર સીઆઈઆઈડી ક્રાઈમ ખાતે ફરિયાદ અરજી આપી હતી. જેના આધારે ફૂડ પ્રોડક્ટ્સ બનાવતા વિવેક અગ્રવાલની ફરિયાદના આધારે ઓશિયા હાઈપર રિટેલ લિમિટેડના ડાયરેક્ટર ધીરેન્દ્ર ગૌતમ ચોપરા, તેમના પત્ની કવિતા ધીરેન્દ્ર ચોપરા અને પરચેઝ ઓફિસર રૂચી રાજકુમાર બહેતી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી સુપર માર્કેટ, મોલ અને ઈ-કોમર્સ માટે જથ્થાબંધ વેપાર કરે છે અને આ વેપારમાં અંદાજે ચારથી પાંચ ટકા ગ્રોસ નફાનું ધોરણ હોય છે. ફરિયાદમાં નિર્દિષ્ટ અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરના કુલ 13 વેપારીઓએ ઓશિયા મોલમાં જથ્થાબંધ ભાવે માલસામાનનું વેચાણ કર્યું હતું.

એલિસબ્રિજ નીચે ડિવાઇડરને ટક્કર મારી, રિવરફ્રન્ટમાં બસ ઘુસાડી

## દારૂના નશામાં AMTSનો ડ્રાઈવર રસ્તો ભૂલી ગયો




અમદાવાદ

અમદાવાદના AMTS બસના ડ્રાઈવર બેફામ બસ દોડાવીને અકસ્માતની ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં દારૂના ચિક્કાર નશામાં AMTS બસના ડ્રાઈવરે AMTS બસ

એલિસબ્રિજ પર ચઢાવવાની જગ્યાએ રિવરફ્રન્ટમાં ઘુસાડી દીધી હતી. જ્યાં બ્રિજની નીચે જ ડીવાઈડરને ટક્કર મારી હતી. આસપાસના લોકો ભેગા થતા પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી બસ કબ્જે કરી છે.

7 જુલાઈએ મોડી રાતે 12 વાગ્યાની આસપાસ સાળંગપુરથી એક AMTS બસ પૂરઝડપે એલિસબ્રિજ તરફ જઈ રહી હતી. બસ બ્રિજ ચઢવાની જગ્યાએ બ્રીજની નીચે રિવરફ્રન્ટના રસ્તે જતી હતી. AMTS બસ બ્રિજની નીચેના ડીવાઈડર સાથે ટકરાઈ હતી. અકસ્માત જોઈને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

ડ્રાઈવરની તપાસ કરી તો ડ્રાઈવર દારૂના નશામાં હતો જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધી અટકાયત કરી હતી.

ડ્રાઈવર પાસેથી દારૂની ગંધ આવતી હતી જેથી તપાસ કરતા ડ્રાઈવર ચોક્કસ દારૂના નશામાં હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડ્રાયવરને રૂટ વિશે પૂછ્યું ત્યારે ડ્રાઈવરને કોઈ ભાન જ નહોતું. આ અકસ્માતના બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન્હોતી.

પરંતુ ડ્રાઈવરની બેદરકારીને કારણે મોટી દુર્ઘટના પણ થઈ શકતી હતી.આ ઘટના બાદ AMTS તંત્ર સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે.

## જરૂર પડે તો રજા અંગે જાતે નિર્ણય લેવા શાળાઓને સૂચના : ભારે વરસાદની સ્થિતિ સમયે શાળાઓ માટે DEOની ગાઈડલાઈન

જો ભારે વરસાદ પડે તો વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી શાળાઓએ તેમની રીતે જ નિર્ણય લેવા લેવા આદેશ કરવામાં આવ્યો




અમદાવાદ

ભારે વરસાદની સ્થિતિ સમયે શાળાના બાળકોને હેરાન પરેશાન ન થવું પડે તે માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ગાઈડલાઈન આપવામાં આવી છે. અતિ ભારે વરસાદ હોય તો શાળા દ્વારા વિવેકબુદ્ધિથી વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી નિર્ણય લેવા સૂચના આપવામાં આવી છે. તેમજ બાળકો જે રસ્તા પરથી શાળાએ આવતા હોય છે તેનું નિરીક્ષણ કરી લેવા પણ શાળાઓને આદેશ કરવામાં આવ્યો છે. તેમજ અમદાવાદની તમામ શાળાઓને ગાઈડલાઈનનું પાલન કરવા સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક દિવસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે પાણી ભરાવાની સમસ્યાના કારણે વિદ્યાર્થીઓને હાલાકી પડી હતી. જેથી અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાઓને વિદ્યાર્થીઓની સલામતી માટે ગાઈડલાઈન આપવામાં આવી છે. શાળામાં શોર્ટ સર્કિટના બનાવ ન બને તે માટે અગાઉથી જ ચકાસણી કરી લેવા સૂચના આપવામાં આવી છે. જો ભારે વરસાદ પડે તો વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી શાળાઓએ તેમની રીતે જ નિર્ણય લેવા લેવા આદેશ કરવામાં આવ્યો. તેમજ દરેક શાળાઓને વિદ્યાર્થીઓ જે રસ્તા પરથી આવતા હોય ત્યાં રોડનું કામ ચાલતું હોય અથવા ખાડા પડ્યા હોય તો તેની માહિતી પણ વાલીઓ અને વિદ્યાર્થીઓને આપવા માટે સૂચન કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને શાળાઓને તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI